# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૭૪ વર્ષ - ૧૫ : માર્ચ–૨૦૧૨

## અષાઢ વદ ૮, ગુરુવાર તા. ૨૭-૦૭-૧૯૭૮.
## બહેનશ્રીનાં વચનામૃત–૧૩૩ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન–૪૯

**જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલ બુદ્ધિવાળા-આતુર હોય છે. અહો ! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતા જ નથી ! ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે. ૧૩૩.**



ધર્મી જીવ સમ્યગ્દષ્ટિ હોય એની દષ્ટિ જ્ઞાયક ઉપર હોય છે. જ્ઞાયક જે ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ, અનંત અનંત ચૈતન્ય રત્નાકર, એમાં અનંત આનંદના સાગરથી ભરેલો પ્રભુ એની જેને દષ્ટિ થઈ છે, પર્યાયબુદ્ધિ ગઈ છે, એક અંશ વર્તમાન રાગાદિની બુદ્ધિ ટળી અને જેને ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ એનો અંતરમાં, દષ્ટિમાં નિર્વિકલ્પ સ્વીકાર થયો છે, તેને અહીંયાં સમકિતી અને ધર્મની પહેલી શરૂઆતવાળો કહેવામાં આવે છે. આહા..હા..! હવે અહીં તો આગળ વધારે લઈ જાય છે.

**‘જ્ઞાની...’** આહા..હા..! **‘ચૈતન્યની શોભા નિહાળવા...’** આહા..હા..! ભગવાન અનંત ગુણે (શોભે છે). જેમ શરીરમાં રત્નના દાગીના પહેર્યા ને શોભિત શણગાર લાગે એમ આ ભગવાન અનંત ગુણના રત્નથી શોભીત છે. અનંત ગુણનો અલંકાર જેને છે. આહા..હા..! ધર્મી જીવ એને કહીએ કે જેને આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ અનુભવમાં આવીને પ્રતીત થઈ છે. **‘જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા...’** જેમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વસ્છતા, અનંત પ્રભુતા એવા અનંત રત્નોથી શોભીત અલંકારીત પ્રભુ છે. આહા..હા..! ધર્મી જીવ એ **‘ચૈતન્યની શોભા નિહાળવા...’** છે ? **‘માટે કુતૂહલ બુદ્ધિવાળા...’** કુતૂહલ બુદ્ધિ–જેમ કોઈ નવીન ચીજ જોવી હોય ત્યાં કુતૂહલતા થાય ને ? આમ કેમ ? આ શું છે ? એમ અંદર ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મા જેને દષ્ટિમાં ને જ્ઞાનમાં પહેલો જણાયો છે, અનુભવમાં આવ્યો છે હવે એને અંદર ચૈતન્યની પૂર્ણતાને નિહાળવા, જોવા, કુતૂહલ બુદ્ધિવાળા (છે કે) આ તે શું છે ? આહા..હા..! છે ?

**'કુતૂહલ બુદ્ધિવાળા-આતુર હોય છે.'** આહા..હા..! જેને આત્મજ્ઞાન થયું છે ને એને આત્મજ્ઞાનમાં જે આનંદ આદિ અનંત ચૈતન્ય રત્નાકરનો અનુભવ થયો છે એ અનુભવવા માટે, આગળ વધવા માટે અંતર કુતૂહલ બુદ્ધિ કરે કે આ શું છે ? આ વિસ્મયકારી ? અમાપ, અમાપ જેના ગુણનું માપ નહિ અને એક એક ગુણની અનંતતા જેની શક્તિ છે એવી કુતૂહલ બુદ્ધિથી જોવાને આતુર હોય છે. છે ? કુતૂહલ બુદ્ધિવાળા-આતુર હોય છે. આહા..હા..! કેમ કે અંદરમાંથી બહાર નીકળવું એ શુભભાવમાં આવવું એ પણ સંસાર અને બંધન છે. આહા..હા..! ચૈતન્ય સ્વયંભૂ, રત્નાકર–રત્નનો આકર, દરિયો... આહા..હા..! એને જ્ઞાન દ્વારા જોવાને અંતરમાં આતુર છે. કુતૂહલ છે, આતુર છે. એમાંથી બહાર નીકળવું એને ગોઠતું નથી. આહા..હા..!

**'અહો ! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની...'** પરમ પુરુષાર્થી, જેની સ્વરૂપમાં જ એકલી રમણતા જામી ગઈ છે. આ..હા..! અતીન્દ્રિય આનંદ આદિ અનંત ગુણ રત્નાકરથી જેની શોભા ને અલંકાર છે... આહા..હા..! એને અનુભવવા માટે, એને નિહાળવા માટે જે અંદર મહાપુરુષાર્થી (છે). છે ? **'પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની...'** આહા..હા..! રાજકુમાર ચક્રવર્તીના પુત્રો હોય કે ચક્રવર્તી પોતે હોય, (એમને) આત્મજ્ઞાનનો અનુભવ હોય છે. વિશેષ અંદર જવા માટે, નિહાળવા માટે એ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી વનમાં ચાલ્યા જાય છે. આહા..હા..! વનમાં અંદર આત્માને નિહાળવા (ચાલ્યા જાય છે). બહારમાં ગમે તે સિંહની, વાઘની ત્રાડું હોય, અંધારું ઘોર હોય, જંગલમાં ચારેકોર ઝાડના હજારોમાં વીંટાયેલા હોય એમાં પોતે અંદર આનંદમાં જાય છે. આહા..હા..! જે નિધિ સમ્યગ્જ્ઞાનમાં ને સમ્યગ્દર્શનમાં જણાણી એનો વિશેષ અનુભવ કરવા અંદર જાય છે. આહા..હા..! આવી વાતું છે.

તે મહાપુરુષાર્થી, **'મહાજ્ઞાનીઓની દશા...'** આહા..હા..! જેનું બાહ્ય જોવું પણ છૂટી જાય છે. અંતર જોવામાં જ્યાં કુતૂહલ કરીને અંદર જાય છે,... આહા..હા..! એ કેવી દશા હશે ? એ **'મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતા જ નથી !'** અંદરમાં આનંદ સ્વરૂપમાં ગયા,... આહા..હા..! જામી ગયા અંદરમાં ! જે બહાર શુભ વિકલ્પમાં પણ આવતા નથી. આહા..હા..! અશુભમાં તો નહિ પણ શુભમાં પણ આવતા નથી. કેમ ? મહાવ્રત આદિના પરિણામ વિકલ્પ છે એ બંધનું કારણ જગપંથ છે. આહા..હા..! એવો જે અંતર મોક્ષનો માર્ગ અંતરમાં જોયો છે ત્યાં આગળ નિહાળવા તેની દશા અંદર ગયા તે ગયા. આહા..હા..!

ચૈતન્યના જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયની ત્રિપુટી ભુલી અભેદમાં અંદર લીન (થવા) ગયા. ગયા તે ગયા. આહા..હા..! શું કીધું આ ? જેને આત્માના આનંદનો રસ જાગ્યો છે... આહા..હા..! એ રસના ઘુંટડા પીવા... આહા..હા..! અંતરમાં જાય છે અને ગયા પછી બહાર આવતા નથી. આહા..હા..! બહાર આવે તો તો વિકલ્પ ઉઠે છે. ચાહે તો ભગવાનની ભક્તિનો હો કે વ્રતનો હો કે દયા-દાનનો હો, એ વિકલ્પ તો સંસાર છે, ભવનું કારણ છે. આહા..હા..! પાપના પરિણામની તો શું વાત કરવી ? આહા..હા..! એ તો સંસારનો રાફડો છે મોટો ! પાપના અશુભ પરિણામ, આખો દિ' રળવું ને ભોગ ને વિષય ને પૈસા ઉપજાવ્યા ને વ્યાજ ઉપજાવ્યા ને આ કર્યું ને છોકરાને સાચવ્યા ને બાયડીને રાજી રાખી ને... આહા..હા..! એ તો બધો અશુભ રાગનો મોટો સર્પનો રાફડો છે. એમાં તો ઝેરીલા સ્વાદ છે. પણ શુભભાવમાં આવવું એ ઝેરીલો સ્વાદ છે, કહે છે. આહા..હા..!

અંદર ચિદાનંદ આનંદ સ્વરૂપ પ્રભુ ! જેણે અંતરમાં, જ્ઞાનમાં જોયો અને આનંદનો અનુભવ જેણે લીધો છે. આહા..હા..! એવો જે ધર્મી, મહાપુરુષાર્થી, મહાજ્ઞાનીઓ જે અંદરમાં ગયા અંદરમાં,... આહા..હા..! એ ગુમ થયા એ બહાર ન આવ્યા. આહા..હા..! કેટલાક એમ કહે છે ને કે ભાઈ ! પરની સેવા કરવા, ભક્તિ કરવા અથવા પરના ઉદ્ધાર માટે કદાચ ભવ એકાદ હોય તો વાંધો નહિ. એકાદ ભવ કરવો પડે (એમ જે માને છે) એ તો મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિને તો બહારના વિકલ્પમાં આવવું ગોઠતું નથી.

આહા..હા..! અહીં તો વિશેષ દશાવાળો લીધો છે ને? જે અંદરમાં જામી ગયા છે. નિર્વિકલ્પ પરિણતિ દ્વારા અંદરમાં જામી ગયા છે, એમાંથી બહાર આવતા નથી. આહા..હા..!

**'ધન્ય તે દિવસ...'** આ ભાવના, સમકિતદષ્ટિની આવી ભાવના હોય છે કે **'ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.'** આહા..હા..! આ તો બહાર હોંશિલા વિકલ્પમાં લાવવા અને એના જગતના લ્હાવા લેવા માટે (હોંશ કરે). આહા..હા..! એ તો મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! દુનિયામાં ગણાવવા ને દુનિયામાં પોતાની મોટપ લેવા કે... આહા..હા..! આ વાતું આકરી બહુ, બાપુ ! મોક્ષમાર્ગ તો વીતરાગભાવ છે ને ! મોક્ષમાર્ગ તો વીતરાગભાવ છે. વીતરાગભાવ તો અંતરમાં ગુપ્ત થઈ જાય ત્યારે થાય. આહા..હા..! સમજાણું કાંઈ ?

મોક્ષમાર્ગ છે એ વીતરાગભાવ છે. એ ચોથે ગુણસ્થાનથી જેટલો અંદરમાં એકાગ્ર થયો એટલી વીતરાગતા આવી, એટલો મોક્ષનો માર્ગ શરૂ થયો. આહા..હા..! અને એમાં આગળ જતા અંદર ઠરી ગયો. એવો ઠર્યો કે બહાર આવ્યો જ નહિ. આહા..હા..! અને જેને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થઈ જાય છે. એ દશા ક્યારે થાય એવી સમકિતીને ભાવના હોય છે. એને એવી ભાવના હોતી નથી કે કોઈ શુભભાવ કરું ને દુનિયાને સમજાવું ને દુનિયા સમજે તો લાભ તો થાય કાંઈક. આહા..હા..! કોને લાભ થાય? ભાઈ ! આહા..હા..!

'સમાધિશતક' માં આજે આવ્યું હતું કે હું કોઈને સમજાવું અને હું પરથી સમજું એ બધી ઉન્માદતા (છે), ઉન્માદ છે. આહા..હા..! કેમ કે ઇ વિકલ્પ છે. આહા..હા..! હું બીજાને સમજાવું, આહા..હા..! પ્રભુ ! એવો જે વિકલ્પ છે એ ઉન્માદતા, ઘેલસાઈ છે, કહે છે. આહા..હા..! આવી વાતું છે. અને હું પરથી સમજુ એ પણ એક ઘેલસાઈ છે, કહે છે. આહા..હા..! ભગવાન સમજનારો પ્રભુ તો અંદર પૂર્ણ બિરાજે છે ને ! એ જ પોતે પોતાને સમજાવે ને પોતે પોતાનો ગુરુ છે. આહા..હા..! એ નિશ્ચયની અહીં વાત છે અને પેલો તો પછી વ્યવહારે આરોપ કરે. નિશ્ચય પોતે જ્યારે સ્વની સમજણ કરીને સ્વનો ગુરુ થાય ત્યારે પર ગુરુને નિમિત્ત તરીકે વ્યવહારે કહેવામાં આવે. આહા..હા..! આવી વાતું છે.

મુમુક્ષુ :– બે ગુરુ થયા. એક નિશ્ચયગુરુ અને એક વ્યવહાર ગુરુ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ વ્યવહાર એટલે આરોપીત, એ આરોપીત કથન છે. જેમ નિશ્ચય સમકિત છે એ આત્માનો અનુભવ ને અનુભવમાં અંતરની પ્રતીતિ. એવા નિશ્ચય સમકિત વખતે જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ (છે) એ વ્યવહાર સમકિત છે, આરોપીત છે. એ તો રાગ છે. આરોપીત છે. એ નથી તેનું એને જ્ઞાન, નિમિત્તનું જ્ઞાન કરાવવા તેને વ્યવહાર સમકિત કહ્યું. એમ ગુરુ જે નિમિત્ત છે એના ઉપર લક્ષ જાય છે એ તે રાગ છે. આહા..હા..!

મુમુક્ષુઃ– સાચું સાંભળ્યા વગર થાય નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાંભળ્યા વગર જ થાય એવું છે, અહીં તો કહે છે. આવે, સાંભળવાનું આવે, શાસ્ત્ર અભ્યાસ પણ હોય, આગમ અભ્યાસ પણ હોય, વસ્તુ છે. પણ અભ્યાસ થઈને પણ જાવું છે ક્યાં ? આહા..હા..! જ્યાં વિકલ્પ ન ઉઠે એવી સ્થિતિમાં જાવું છે. આહા..હા..! વીતરાગના વચનો વીતરાગતા બતાવે છે. વીતરાગતા બતાવે તે વીતરાગતા સ્વને આશ્રયે થાય છે. તો જેને સ્વને આશ્રયે સમ્યગ્દર્શન થયું, વીતરાગતા થઈ, એ પૂર્ણ વીતરાગતા માટે અંદર ભાવના ભાવે છે, હું આમાં ક્યારે પૂર્ણ થાઉં ! આહા..હા..! 'શ્રીમદ્' માં નથી આવતું ?

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;**

('શ્રીમદ્') ગૃહસ્થાશ્રમમાં હતા છતાં ભાવના તો આમ કરે છે.

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;**
**અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,**

શરીર તો સ્થિર થાય પણ મનમાં ક્ષોભ નહિ. પણ એ તો જડ છે એ સ્થિર થયું પણ મનમાં ક્ષોભનો વિકલ્પ નહિ. આ..હા..હા..!

**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦ ૧૧.**

આહા..હા..! શરીર મારું નથી, મારે જોઈતું નથી, મારાથી રહ્યું નથી અને જેને જોઈતું હોય તે મારો મિત્ર છે. સિંહ આવ્યો ને ? (તો કહે છે) એ તો મિત્ર છે. આહા..હા..! એવી વીતરાગતાની ભાવના સમકિતી ભાવે છે. આહા..હા..! ચક્રવર્તીના રાજકુમારો મણિરતનની જેને લાદી નીચે હોય, એ રાજકુમાર જેને ઘરે સેંકડો મોટા મોટા રાજાની દીકરીઓ હોય પણ એને જ્યાં અંદર ભાન થાય છે, અને ભાન થઈને અંદરમાં જવા માગે છે. માતા ! જનેતા ! મને રજા દે. હું મારા આનંદમાં જવા માંગુ છું. વનમાં તો નિમિત્ત છે. મારો નાથ જ્ઞાયક મને જણાણો છે. એ આનંદ સ્વરૂપ પ્રભુ આત્મા છે. માતા ! આહા..હા..! અમને એક ક્ષણ વાર પણ બહાર ગોઠતું નથી, બા ! એ રાણીઓ ને એ લાદીયું રતનની, અરે..! આરસપહાણની લાદી અને શું કહેવાય ? સ્ફટીક, રાવણને ઘરે સ્ફટીકની લાદી હતી. સ્ફટીક, સ્ફટીકની લાદી. એ શું છે ?

ભગવાનઆત્મા આનંદનો નાથ પ્રભુ મારો, મારે એની ભૂમિકામાં જાવું છું, જ્યાં આનંદ પાકે છે. એ માટે રજા લેતા એમ બોલે, બાને કહે, મા ! આહા..હા..! મા ! એકવાર રોવું હોય તો રોઈ લે પણ માતા ! અમે ફરીને એક માતા નહિ કરીએ. બીજી મા હવે નહિ કરીએ અમે તો અંદરમાં જઈને ભવનો અભાવ કરશું. આહા..હા..!

જેને નીલમણીની લાદીયું અને જેને ઘરે રાણીયું અબજો રૂપિયા લઈને આવી હોય એના બાપ(ના ઘરેથી)... આહા..હા..! એ અમે નહિ, બા ! એ નહિ અમે. અમે જ્યાં છીએ ત્યાં આ નથી અને એ જ્યાં છે ત્યાં અમે નથી. આહા..હા..! અમે તો અતીન્દ્રિય આનંદના રસના રસીયા છીએ. પ્રભુ ! માતા ! એ રસ લેવા અંદર જઈએ છીએ. અમે એકલા જંગલમાં (જઈએ છીએ). આહા..હા..! બાપુ ! મારગડા કોઈ જુદા છે, ભાઈ ! આહા..હા..! એકલો બહારનો વનવાસ એમ નથી. આ તો અંતરમાં આનંદના રસ લેવા માટે જઈએ છીએ. આહા..હા..! અને કોલકરાર પાછા કરે, માતા ! બીજી મા નથી હવે. અમે આ જ ભવે મોક્ષ જવાના છીએ. અમે અંદરમાં જતાં હવે બહાર નહિ આવીએ. આહા..હા..! એ પુરુષાર્થ કેટલો હશે ?

મુમુક્ષુ :– ચોથા કાળની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ચોથા નહિ, પાંચમા આરામાં ભાવના હોય છે ને ! પાંચમા આરાના સમકિતીની આવી જ ભાવના હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! કેવા શબ્દો છે જુઓને !

**'ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.'** આહા..હા..! એ આનંદના અનુભવમાં મશગૂલ થઈ ગયેલા, વીતરાગ ભાવમાં લીન થઈ ગયા. એ દિવસ ક્યારે આવે કે અમને એ દશા હોય, એમ કહે છે. આહા..હા..! ધર્મીની આ ભાવના હોય છે. એને હું આ વેપાર કરું ને આ કરું, બહારમાં પડું એ તો બધો મિથ્યાત્વ ભાવ છે. આહા..હા..! એનો કર્તા થાય છે એ મિથ્યાત્વ છે. આહા..હા..! આકરું કામ છે, બાપુ ! પણ એના ફળ પણ અનંત આનંદ છે ને !! આહા..હા..! **'ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.'** આહા..હા..! એ આનંદમાં સમાણા એ સમાણા, સમજ્યા તે અંદર સમાઈ ગયા. આહા..હા..! એ 'શ્રીમદ્' માં આવે છે. 'સમજ્યા તે સમાયા.' અંદર ઠરી ગયા. આહા..હા..! ૧૩૩ (બોલ પૂરો થયો).

**વૈરાગ્ય સમાચાર**

**ભાવનગર નિવાસી શ્રી મહેન્દ્રકુમારજી જૈનનું તા.૨૦-૨-૨૦૧૨ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેમને દેવગુરુશાસ્ત્ર પ્રત્યે તથા તત્ત્વ પ્રત્યે રુચિ હતી. તેઓ દેવગુરુશાસ્ત્રના આશ્રયે આત્મકલ્યાણને સાધે એ ભાવના સાથે સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર તેમના પરિવારજનો પ્રત્યે સાંત્વન પ્રેશિત કરે છે.**

# ચિંતામણી રત્નો

વિનય પૂર્વક ભણવામાં આવેલું શ્રુત જો કોઈ પણ પ્રકારે પ્રમાદથી વિસ્મૃત થઈ જાય તો બીજા ભવમાં તે ઉપસ્થિત થઈ જાય છે અને કેવળજ્ઞાનને પણ પ્રાપ્ત કરાવે છે. **૫૭૮.**

**(શ્રી ધવલા, પુસ્તક-૯, પાનુ-૨૫૯)**

❈

કોઈ મનુષ્ય શુદ્ધ, સ્વાદિષ્ટ, સ્વચ્છ અમૃત જેવા મિષ્ટાન્ન જમતો હોય ને શત્રુ તેમાં ઝેર ભેળવી દે; તેમ હું અત્યારે સંસારથી વિરક્ત થઈને, મારા અંતરમાં ધર્મરૂપી પરમ અમૃતનું ભોજન લેવા તત્પર થયો છું તે વખતે તેમાં રાજ્યલક્ષ્મીના ભોગવટાનું વિષ ભેળવીને આપ સ્વજનો શત્રુ કાર્ય ન કરશો. **૫૮૫.**

**(આચાર્ય જટાસિંહનંદી, વરાંગ ચરિત્ર, સર્ગ-૨૮, શ્લોક-૧૯)**

❈

(જીવને) તત્કાલ મરણ ભાસે તોપણ તે મરણને ન ગણતાં વિષયોનું ગ્રહણ કરે છે. તેથી મરણ થવા કરતાં પણ ઇન્દ્રિયોના વિષયસેવનની પીડા અધિક જણાય છે, એ ઇન્દ્રિયોની પીડાથી સર્વ જીવો પીડિત બની નિર્વિચાર થઈ, જેમ કોઈ દુઃખી માણસ પહાડ ઉપરથી પડતું મૂકે તેમ, વિષયોમાં ઝંપાપાત કરે છે. **૫૯૫.**

**(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ.-૩, પાનું-૫૧)**

❈

જેવી રીતે મોજાંઓથી ઊછળતા ભીષણ સમુદ્ર વચ્ચેથી અથાગ પ્રયત્નપૂર્વક તરતો કોઈ પુરુષ કિનારા સુધી આવ્યો અને કોઈ શત્રુ તેને ધક્કો દઈને પાછો સમુદ્રમાં હડસેલે; તેમ હે માતા-પિતા ! દુર્ગતિના દુઃખોથી ભરેલાં આ ઘોર સંસાર-સમુદ્રમાં અનાદિથી ડૂબેલો હું વૈરાગ્ય વડે અત્યારે માંડ-માંડ કિનારા પર આવ્યો છું, તો ફરીને આપ મને એ સંસાર સમુદ્રમાં ન પાડશો, ઘરમાં રહેવાનું ન કહેશો. **૬૦૯.**

**(આચાર્ય શ્રી જટાસિંહનંદિ, વરાંગ ચરિત્ર, સર્ગ-૨૯, શ્લોક-૧૮)**

❈

હે પિતાજી ! હે માતાજી ! જ્યારે ભવનમાં આગ લાગી જાય ત્યારે સમજદાર મનુષ્ય બહાર ભાગવાનો પ્રયત્ન કરે છે પણ શત્રુ હોય છે તે તેને પકડીને ફરી આગમાં ફેંકે છે. તેમ મોહની જ્વાળાથી ભડભડતો આ સંસાર છે, તે સંસારદુઃખની અગ્નિજ્વાળાથી બહાર નીકળવા માગું છું, ત્યારે આપ કોઈ શત્રુની જેમ મને ફરીને અગ્નિજ્વાળામાં ન ફેંકશો. **૬૨૦.**

**(આચાર્ય શ્રી જટાસિંહનંદિ, વરાંગ-ચરિત્ર, સર્ગ-૨૯, શ્લોક-૧૭)**

આ શરીરના રોગ-સડન-પડન-જરા તથા મરણરૂપ સ્વભાવને દેખીને જે ભવ્યજીવ આત્માને ધ્યાવે છે, તે (ઔદારિકાદિ) પાંચ પ્રકારના શરીરોથી મુક્ત થઈ જાય છે. **૬૪૦.**

**(શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૪૯)**

❈

હે યોગી ! પૃથ્વી પર ભ્રમણ કરતાં જો માણેક મળી જાય, તો તે પોતાના કપડામાં બાંધી લેજે, અને એકાન્તમાં બેસીને દેખજે. (સંસાર ભ્રમણમાં સમ્યક્ત્વરત્ન પામીને એકાન્તમાં ફરી ફરીને તેની સ્વાનુભૂતિ કરજે. લોકનો સંગ ન કરીશ.) **૬૪૭.** **(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૨૧૬)**

❈

આ દેહમાં ઠેકઠેકાણે લોહીના કુંડ અને વાળના ઝુંડ છે, એ હાડકાંઓથી ભરેલો છે જાણે ચૂડેલોનું નિવાસસ્થાન જ છે. જરાક ધક્કો લાગતાં એવી રીતે ફાટી જાય છે જાણે કાગળનું પડીકું અથવા કપડાની જૂની ચાદર. એ પોતાનો અસ્થિર સ્વભાવ પ્રગટ કરે છે પણ મૂર્ખાઓ એના પ્રત્યે સ્નેહ કરે છે. એ સુખનો ઘાતક અને બુરાઈઓની ખાણ છે. એના જ પ્રેમ અને સંગથી આપણી બુદ્ધિ ઘાણીના બળદ જેવી સંસારમાં ભટકનાર થઈ ગઈ છે. **૭૪૬.** **(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધદ્વાર, પદ-૪૧)**

❈

હે જીવ ! કુટુંબી આદિ લોકોનો તારી સાથે કાંઈ સંબંધ નથી, અને ન તારું તેમની સાથે કાંઈ આ લોક સંબંધી પ્રયોજન છે, એ તો પોતાના સ્વાર્થ માટે તારા શરીર ઉપર પ્રેમ રાખે છે માટે તું તારા આત્મહિતમાં મગ્ન થા. એ લોકો શરીરમાં તન્મય થઈ રહ્યાં છે, તેથી શરીરના જેવા જ જડબુદ્ધિ છે અને તું ચૈતન્ય છો, એમનાથી જુદો છો, તેથી રાગ-દ્વેષનો સંબંધ તોડીને પોતાનું આત્મબળ પ્રગટ કર અને સુખી થા. **૭૫૭.**

**(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્યસાધક દ્વાર, પદ-૯)**

❈

હે દુર્બુદ્ધિ પ્રાણી ! જો અહીં તને કોઈ પણ પ્રકારે મનુષ્ય-જન્મ પ્રાપ્ત થઈ ગયો છે તો પછી પ્રસંગ પામીને પોતાનું કાર્ય (–આત્મહિત) કરી લે. નહિ તો જો તું મરીને કોઈ તિર્યંચ પર્યાય પામીશ તો પછી તને સમજાવવા માટે કોણ સમર્થ થશે ? અર્થાત્ કોઈ સમર્થ થઈ શકશે નહિ. **૮૦૯.**

**(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક ૧૬૮)**

❈

સંપત્તિ, પુત્ર અને સ્ત્રી આદિ પદાર્થ ઊંચા પર્વતના શિખર પર સ્થિત અને વાયુથી ચલાયમાન દીપક સમાન શીઘ્ર જ નાશ પામનાર છે. છતાં પણ જે મનુષ્ય તેમના વિષયમાં સ્થિરતાનું અભિમાન કરે છે તે જાણે મુઠ્ઠીથી આકાશનો નાશ કરે છે અથવા વ્યાકુળ થઈને સૂકી નદી તરે છે અથવા તરસથી પીડાઈને પ્રમાદયુક્ત થયો થકો રેતીને પીવે છે. **૮૩૪.**

**(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્યપંચાશત્ શ્લોક-૪૩)**

આ મનુષ્યના શરીર વિષે એક-એક અંગુલમાં છન્નુ-છન્નુ રોગ હોય છે. તો બાકીના સમસ્ત શરીર વિષે કેટલા રોગ કહેવા એ સમજો. (આખા શરીરમાં પાંચ કરોડ અડસઠ લાખ નવ્વાણું હજાર પાંચસો ચોરાશી રોગ રહેલા છે.) ૮૫૬. **(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૩૭)**

❈

ભાઈ ! તારી આ બધી પ્રવૃત્તિ મને તો રેતીમાં તેલ શોધવા જેવી અથવા વિષ પ્રાશન કરી (-ખાઈને) જીવન વૃદ્ધિ કરવાની ઇચ્છા જેવી વિચિત્ર અને ઉન્મત્ત લાગે છે. ભાઈ ! આશારૂપ ગ્રહ (ભૂત) નો નિગ્રહ કરવામાં જ સુખ છે. તૃષ્ણાથી કોઈ કાળે કે કોઈ ક્ષેત્રમાં સુખ નથી. એ ટૂંકું પણ મહદ્ સૂત્ર શું તને નથી સમજાતું ? – કે આ વ્યર્થ પરિશ્રમ (–પ્રવૃત્તિ) તું કરી રહ્યો છે ! ૮૬૪.

**(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા-૪૨)**

❈

ધર્મનો સત્યાર્થ માર્ગ દેખાડનારા સ્વાધીન ગુરુનો સુયોગ મળવા છતાં પણ જેઓ નિર્મળ ધર્મનું સ્વરૂપ સાંભળતા નથી તે પુરુષો દુષ્ટ અને ધીઠ ચિત્તવાળા છે; તેમ જ ભવભયથી રહિત સુભટ છે. ૮૭૫.

**(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૯૩)**

❈

હે ભાઈ ! તારી નજર સામે તું શું નથી જોતો કે આ જગત કાળરૂપ પ્રચંડ પવનથી નિર્મૂળ થઈ રહ્યું છે ! ભ્રાંતિને છોડ ! જગતમાં કોઈની નામ માત્રની પણ સ્થિરતા નથી. જે દિવસની મંગળમય પ્રભાત જણાય છે, તે જ દિવસ અસ્તપણાને પ્રાપ્ત થાય છે. ભાઈ ! આ જગતનો સ્વભાવ જ ક્ષણભંગુર છે. પહાડ જેવા વિસ્તીર્ણ જણાતાં રૂપોનો ઘડી પછી અવશેષ પણ જણાતો નથી. કોણ જાણે શા કારણથી તું એ ઇન્દ્ર જાળવત્ જગતના ઇષ્ટ પદાર્થોમાં આશા બાંધી બાંધી ભમ્યા કરે છે ! ૮૮૫.

**(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૫૨)**

❈

હે મૂઢ જીવ ! તું અહીં અલ્પદુઃખને પણ સહન કરી શકતો નથી તો વિચાર તો ખરો કે ચારગતિના ભયંકર દુઃખોના કારણભૂત કર્મોને તું શા માટે કરે છે ? ૯૨૪.

**(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિકાર-૨, ગાથા-૧૨૦)**

**('પરમાગમ ચિંતામણી'માંથી સાભાર ઉદ્ધૃત)**

❈

# ચિંતન કણિકા
## અનુભવ સંજીવનીમાંથી ચુંટેલા કેટલાક પ્રેરણાસ્પદ વચનામૃતો

'જ્ઞાનમાત્ર' કહીને આચાર્યદેવે જીવના શુદ્ધ સ્વરૂપને દર્શાવ્યું છે. તેથી પોતાનો અર્થાત્ શુદ્ધ જીવનો અનુભવ 'જ્ઞાનમાત્ર' પણે થવો જોઈએ, કે જે અનુભવ થતાં 'હું મનુષ્ય', 'હું સુખી–દુઃખી', 'હું રાગી' ઈત્યાદિ કર્માનુસારી વિભાવ પર્યાયમાં આત્મબુદ્ધિરૂપ મિથ્યાત્વ–અંધકારનો નાશ થાય. જીવનું મૂળ સ્વરૂપ અનંત આશ્ચર્યકારી મહાનગુણોથી ગંભીર નિર્વિકલ્પ છે. સ્વાનુભવમાં, તેવો પ્રત્યક્ષ આસ્વાદ છે; જે સર્વ અન્ય અધ્યાસને અથવા ભ્રમને ભાંગી નાખે છે. ભ્રમ અનાદિ હોવા છતાં ક્ષણમાત્રમાં છૂટી જાય છે. તેનું નામ અનુભવ છે. જ્યાં આત્મ-શાંતિ છે. અભેદ સ્વરૂપ – સંબંધી ભેદ વિકલ્પ પણ અશાંતિના ઉત્પાદક છે. ત્યાં શાંતિનું પ્રયોજન સિદ્ધ થતું નથી, તેથી તે વિકલ્પો પ્રયોજન અર્થે વિરૂદ્ધ હેતુવાળા હોવાથી નિષેધ્ય છે. નિર્વિકલ્પ સ્વરૂપમાં, વિકલ્પથી પર થઈને સમાઈ રહેવું સર્વ વિકલ્પોનું નિરર્થકપણું જાણવું, જેથી તેના પર જોર ન થાય, તેનો રસ ન આવે. (૭૧૪)

❉

અનંત સંસારના ક્ષય કરવાવાળો, અને અનંત સમાધિ સુખની પ્રાપ્તિ કરાવવાવાળો, શ્રી તીર્થંકરદેવથી પ્રવાહિત સદોપદેશની પ્રાપ્તિ થઈ, સમજણ થઈ, તો તેને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવો ઘટે. જો જીવનમાં ઉતારવાનો પ્રયાસ ન થાય તો તેનું મૂલ્યાંકન થયું નહિ પરંતુ ઉપેક્ષા થઈ, તેથી પરમોત્કૃષ્ટ દેશનાનો અનાદર થયો, ઉપેક્ષા થઈ. મોહને લીધે આવો અપરાધ થવાથી, તે ઉપદેશની ધારણા અલ્પકાળમાં નાશ પામી જશે. તેથી પરમ ગંભીરતા પૂર્વક, ઉપદેશનો જેને યોગ થયો છે, તેણે અપૂર્વભાવે, અપૂર્વ પુરુષાર્થ કરવા યોગ્ય છે ફરી ફરીને આવી તક સાંપડતી નથી. મોહવશ જીવ પ્રયત્ન કરવાનું ભૂલે છે. પરંતુ આ પ્રમાદ (પ્રયત્ન ચાલુ ન થવો) જીવના અવિચારીપણાની પ્રસિદ્ધિ છે. તેથી હે ભવ્ય ! જાગૃત થા !! જાગૃત થા !! (૭૧૫)

❉

જેને પરમ ઉત્કૃષ્ટ એવો જિનદેવનો કેવળ અંતર્મુખનો માર્ગ શ્રવણ-પ્રાપ્ત પણ થયો નથી, તે હિનપુણ્ય જીવ સંસારના ભયંકર દુઃખોથી મુક્ત ન થઈ શકે, તે સહજ છે, પરંતુ જે જીવને પરમ સત્ય લક્ષ ઉપર આવ્યું છે, તે ક્ષુદ્ર ઉદય પ્રસંગો અને સાધારણ વિકલ્પોમાં સ્વયંના મહાન સ્વરૂપને રોકી રાખે છે, તે પ્રમાદમાં રતિ છે. પ્રમાદમાં રતિ કરવાં યોગ્ય કાંઈ જ નથી. તેથી હે જીવ ! ત્વરાથી સ્વયંના મહાન પદને સંભાળી અંતર્મુખ થા ! અંતર્મુખ થા !

ક્ષુદ્ર વિકલ્પોને સિદ્ધ કરવામાં રોકાવું તે આત્માને આવરણ કરનાર છે, અવિવેક છે. સંસાર પ્રત્યેની તીવ્ર ઉદાસીનતાથી, અને સત્સમાગથી પ્રાપ્ત વિશુદ્ધ (નિર્મળ) મતિથી કોઈક જીવને કેવળ અંતર્મુખ થવાનો તે માર્ગ સમજાય છે, જે સર્વ દુઃખક્ષયનો ઉપાય છે. જેને સમજાય છે, તે નિષ્પ્રમાદપણે તેનું અહર્નિશ આરાધન કરે છે. (૧૧૦૫)

❉

વર્તમાનમાં સામાન્ય મુમુક્ષુને એટલું ધ્યાન ખેંચાય છે કે આ માર્ગ ખરેખર સત્ય છે, અને તે પ્રાપ્ત કરવાથી જીવનું કલ્યાણ થઈ જાય, પણ બીજી બાજુ મોહના બળવાનપણાને લઈને, મોહને, ટાળતાં હિંમત ચાલે નહિ એટલે સંયોગ ઉપરની સાવધાની છોડતાં – ઉપેક્ષા કરતાં ભય લાગે. જેથી ઉદય – પ્રવૃત્તિમાં જીવન ચાલ્યું

જાય – અને તે આવરણકર્તા થઈ પડે. અને મળેલો એવો અપૂર્વ યોગ અફળ જાય છે, તક ચુકી જવાય છે, દેહાદિમાં રહેલી આત્મબુદ્ધિ જ ભવાંતરમાં દેહાદિ બંધન પ્રાપ્તિનું કારણ છે. વર્તમાનમાં જ વ્યામોહ છોડતાં જો જીવ મૂંઝાય છે, તો પરભવે કેટલું મૂંઝાવું પડશે ? તે મૂંઝવણની વેદના કેવી અકથ્ય હશે !! તે ગંભીરપણે વિચારી વીર્ય ફોરવવું ઘટે, ઉલ્લાસિત વીર્યથી આત્મહિતનો પ્રારંભ થવો ઘટે. (૧૧૪૩)

❈

'વર્તમાન વર્તતા એક સમયમાં હું પરિપૂર્ણ અખંડ ધ્રુવ ચૈતન્ય છું' – તેવા સ્વરૂપાનુભવ વડે જ્ઞાનવેદનનો ઉદય–આવિર્ભાવ છે. જે જ્ઞાનવેદન રાગથી ભેદ કરતું થકું નિઃશંકિત અને નિરાકુળ સુખ સાથે પ્રત્યક્ષ પ્રમાણરૂપ પ્રગટ થઈ રહ્યું છે અને ક્રમશઃ વૃદ્ધિગત થતું થકું પૂર્ણ થઈ જશે. આ આત્માને જગતમાં કોઈથી કાંઈ લાભ–નુકસાન નથી – આ ન્યાય બાહ્ય જતી વૃત્તિ પર તીરની જેમ અસર કરે, તથારૂપ જાગૃતિ રહે, તો પરસન્મુખતા છૂટે. આ આત્માથી શૂન્ય એવું જગત પૂર્ણરુપેણ ઉપેક્ષા યોગ્ય છે. તેના તરફની વૃત્તિ સ્વાનુભૂતિમાં વિઘ્ન કરનારી છે, સ્વરૂપ શાંતિનો કાળ છે – તેમ જાણી હે ! જીવ સ્વરૂપસ્થ થા !! (૧૧૫૨)

❈

હે જીવ ! ત્રિલોકનાથ જૈનપરમેશ્વરની પ્રદત્ત નિધિ હાથ લાગી છે, જેનાથી શાશ્વત કલ્યાણનો ઉપાય સહજમાત્રમાં પ્રાપ્ત થઈ, અત્યારે જ પરમશાંતિનો અનુભવ થાય તેમ છે. તો પછી ક્યા કારણથી તેની ઉપેક્ષા થાય ? – ઉપેક્ષા કરાય ?

સર્વ ઉદ્યમથી જિનાજ્ઞા ઉપાસનીય છે. સ્વયંપ્રભુ આનંદઘન છે, નિર્વિકલ્પ આનંદઘન છું. સહજ બેહદ પ્રત્યક્ષ, અત્યંત પ્રત્યક્ષ છું. તેવો હું સ્વસંવેદન ગોચર છું. અગાધ અમૃતસાગરમાં નિમગ્ન છું. કેવળ અંતઃતત્ત્વ હોવાથી સંપૂર્ણ અંતર્મુખ છું. પરિપૂર્ણ હોવાથી સર્વથા નિરાલંબ નિરપેક્ષ છું. (૧૧૫૬)

❈

કલ્યાણયાત્રા કરનાર કદી પ્રતિકૂળતાઓ સામે જોતો નથી, કે લોકોની ટીકા-ટીપ્પણીનો વિચાર કરતો નથી. પ્રતિકૂળતામાં આત્મ - વીર્યનું ફોરવું તે સહજ સ્વભાવ છે. વાદળા જોઈને સૂર્ય પાછો ફરતો નથી. દ્રઢ નિશ્ચયવાળાને નિષ્ફળતાનો વિકલ્પ આવતો નથી. નદીનું જળ, વચ્ચે પડેલા પત્થરને ભેદીને આગળ વધે છે, પાછું જતું નથી. (૧૧૭૯)

❈

જીવ મુસાફરીએ જતાં શુકન જોવે છે, તો દેહાંત થઈ અન્ય સ્થાને જવાના સમયે આત્મભાવમાં રહેવાના પ્રયાસરૂપ શુકન થવા ઘટે, જેથી પંચમગતિની આખરની મુસાફરીનો અવસર આવે. છેવટ સત્‌ના સંસ્કાર પ્રાપ્ત થાય તેટલા શુકન થઈ જાય તો તે પણ મંગળ શુકન છે. (૧૨૧૪)

❈



## શ્રી પરમાગમસાર, વચનામૃત-૪૫૯ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૨૫૬ (તા.૧૬-૧-૧૯૮૪, ભાવનગર)

**પાંચેક ગાઉ ચાલે તો થાક ખાવા વિસામો લે ને ! આ તો અનંતા અનંતા ભવ કર્યા છતાં થાક લાગ્યો નથી ! સર્વજ્ઞદેવ કહે છે કે તું સ્વભાવમાં વિસામો લે. તારો થાક ઉતરી જશે. શુદ્ધ ચૈતન્ય ભગવાનના આશ્રયે શુદ્ધ પરિણતિ કરવી એ અપૂર્વ છે. એ સમ્યક્ પરિણતિ કરે તો શાશ્વત સુખને પામે, અનંતા અનંતા ગુણની પૂરણ પર્યાયો પ્રગટતાને પામે. માટે બહારની હરખુના-હોશુંના સબડકા છોડી દે. એ ભ્રાંતિ છોડી દે ને જિનવરદેવે ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કર તો તું જરૂર શાશ્વત સુખને પામીશ. ૪૫૯.**

**'પાંચેક ગાઉ ચાલે તો થાક ખાવા વિસામો લે ને !'** ગાઉ એટલે દસ માઈલ. દસ માઈલ એકધારું ચાલે, તો થોડો વિસામો (ખાય). એકધારું આ ચાલવું થાય છે. શરીરના અવયવોની સ્થિતિ એવી થાય છે, માનસિક સ્થિતિ પણ થાય છે. તો થોડીવાર થાક લઈએ, થાક ખાઈએ.

**'આ તો અનંતા અનંતા ભવ કર્યા...'** કેટલું ચાલ્યો, કહે છે. અનંત જન્મ-મરણ કર્યા, અટક્યા વિના. ક્યારેય મોક્ષ પામ્યો છે, અને જન્મમરણ મટ્યા છે એવું બન્યું નથી. અનંતકાળથી આ જીવ જન્મ-મરણ કરતો આવ્યો છે. **'છતાં થાક લાગ્યો નથી !'** છતાં એ જન્મ-મરણથી દૂર થવાનો અંદરથી થાક લાગવો જોઈએ, આ જન્મ-મરણથી રહિત થવું જોઈએ, એવી જે મુક્તિ અને મોક્ષની ભાવના છે, એ ભાવના ક્યારેય પણ જીવને ઉત્પન્ન થઈ નથી.

વર્તમાન ૧૦૦-૫૦ વર્ષનું આયુષ્ય છે. આંખના પલકારામાં પૂરું થઈ જાય છે. કેમ કે એનો કોઈ નિશ્ચિત કાળ નથી કે બાળપણમાં કે યુવાનવયમાં મૃત્યુ ન થાય. આયુષ્ય પૂરું ન થાય એવો તો કાંઈ નિયમ નથી. નિયમબદ્ધપણું નથી કે સો વર્ષ પૂરા થવા જોઈએ કે એંસી થવા જ જોઈએ કે સાંઈઠ થવા જ જોઈએ. અને જેટલા તે થાય છે, ઉદયમાં વિધવિધતાને કારણે એક પછી એક, એક પછી એક દિવસો એટલા ઝડપથી જાય છે, કે માણસને એમ થાય છે કે બસ ! હવે હજું કાંઈ ... આટલા જ વર્ષ, આટલા તો થઈ ગયા અને વધુમાં વધુ કેટલા ? કહે, આટલા ? જો આટલા ગયા એની ખબર ન રહી તો બાકીના આટલા જવાની શું ખબર રહેશે ? કેમકે ઉદયમાં તન્મય છે. જે કાંઈ વર્તમાન સંયોગો છે એ સંયોગોને અનુસરીને જે પરિણામ છે, એમાં જે રસ છે એમાં સમય વ્યતીત થઈ જાય છે એનો ખ્યાલ રહેતો નથી. અને જન્મ-મરણથી છુટવાનો જે ઉપાય કરવાનો છે, એ મૂળ વાત અંદરમાં ઉત્પન્ન થવી રહી જાય છે. એના ઉપર ધ્યાન દોર્યું છે.

લાક્ષણિક પદ્ધતિ છે. ઉપલક્ષણથી બતાવે છે, કે ભાઈ ! તારો કીંમતી સમય ચાલ્યો જાય છે. મનુષ્યપણાની એક એક ક્ષણ, જેની કીંમત ન થઈ શકે એટલી છે, જો આત્મહિતે ખર્ચાય તો. નહિતર આત્મહિત વિનાનું મનુષ્યજીવન પૂરું થાય, તો એની કીંમત એક ફૂટેલી કોડી જેટલી પણ નથી. આમ એક-એક ક્ષણને રત્નચિંતામણિ સમાન કહ્યું છે પણ આખી જિંદગીની કીમત કોડી જેટલી પણ નથી.

જો પોતે પોતાનું હિત વિચારી ન શકે અને

પોતાના હિત પ્રત્યે એણે વલણ ન કર્યું, તો જેવા અનંત ભવભ્રમણ થયા છે, અનંત ભવ થયા છે અને થાક નથી લાગ્યો, એ સ્થિતિમાં હજી કેટલો કાળ જશે, કેટલું દુઃખ ભોગવશે એનો કોઈ મેળ નથી, હિસાબ નથી લાગતો. કારણ કે આશ્ચર્ય થાય એવું છે કે પાંચ ગાઉ ચાલે તો પણ તને થાક લાગે છે. થોડુંક મહેનતવાળું, મજુરીવાળું, શારીરિક પરિશ્રમવાળું કે માનસિક Tension પરિશ્રમવાળુ કામ કરે તો પણ તને થાક લાગે છે અને એમ થાય છે કે હવે વિસામો લઉં, જરાક આરામ કરું. આ ભવભ્રમણ આમને આમ ચાલુને ચાલુ છે, એમાંથી કાંઈ થાક નથી લાગતો ? અંતર વિચારમાં દોરી જવા માટેનો આ એક પ્રશ્ન છે. જીવને પોતાને અંતર વિચારમાં આ પદ્ધતિથી, આ શૈલીથી વચનો દોરી જાય છે. જ્ઞાનીઓના વચનોમાં જે વિધિ છે, જે પ્રકાર છે, જે રીત છે, એની મુખ્ય કોઈ Line હોય તો એ છે કે એને સ્વલક્ષે અંતરમાં લઈ જાય, એવી શૈલી અને એવા વચનો એની અંદરની ગોઠવણી અને રચનાવાળા હોય છે.

**'આ તો અનંતા અનંતા ભવ કર્યા છતાં થાક લાગ્યો નથી !'** શું છે આ ? કેમ થાક લાગ્યો નથી ? અનંત ભવ કર્યા છતાં કેમ થાક ન લાગ્યો ? આ તે શું કહેવાય ? થોડોક પરિશ્રમ કરું છું ત્યાં થાક લાગે છે, તો આ અનંત ભવ કરવા છતાં થાક લાગ્યો નથી, છે શું આ ? પોતાના માટે એક પ્રશ્નચિહ્ન ઊભો થાય એવું છે કે આ શું ?

**'સર્વજ્ઞદેવ કહે છે...'** વીતરાગ જિનેન્દ્ર દેવ ફરમાવે છે **'કે તું સ્વભાવમાં વિસામો લે.'** હવે તું જે બહારના ઉપાધિના પરિણામ કરે છો અને જેના ફળમાં જન્મ-મરણની પરંપરા ચાલુ રહે છે, એ પરિણામ તો આકુળતાવાળા અને દુઃખદાયક છે. દુઃખનો અનુભવ તને થાય છે. ત્યાંથી છૂટીને હવે તું જે વિસામાનું સ્થાન છે એવો જે તારો સ્વભાવ, તારું સ્વરૂપ, તારે ક્યાંય જાવું નથી. નથી મંદિરમાં જાવું કે નથી કોઈ જાત્રા સ્થળમાં જાવું. બીજે ક્યાંય ન જાવું પણ 'સોનગઢ' તો જાવું કે નહિ ? કે તારા સ્વરૂપમાં જાવું. આટલી વાત છે.

જિનેન્દ્ર ભગવાન એમ કાંઈ નથી કહેતા, કે તું મારી પાસે પણ આવ. મારી પાસે આવતા તને હું છોડાવી દઈશ. એમ નહિ. મારી પાસે આવ તો હું તને એમ કહીશ કે તું તારા સ્વભાવમાં વિસામો લે. આમ વાત છે. **'સર્વજ્ઞદેવ કહે છે કે તું સ્વભાવમાં વિસામો લે. તારો થાક ઉતરી જશે.'** અનંતકાળનો જન્મ-મરણનો જે તારો થાક છે, અનંતકાળથી જે આકુળિત પરિણામ કરતો આવ્યો છે, અનંતાનુબંધીની આકુળતા છે. ભલે કષાયની મંદતાની શાંતિ ગમે તેટલી દેખાતી હોય, તો પણ જ્યાં સુધી સ્વભાવનો આશ્રય નથી કર્યો, સ્વભાવનો વિસામો નથી લીધો, ત્યાં સુધી એ સમસ્ત પરિણામ, સર્વ પરિણામ અનંતાનુબંધીની આકુળતાવાળા પરિણામ છે. અનંતાનુબંધીનો કષાય છે ને ? એની આકુળતા છે એને.

**'તારો થાક ઉતરી જશે.'** કોઈ એમ કહે, કે અમને તો એવી અનુકૂળતાઓ છે કે ખાસ કોઈ ઉપાધિ નથી. નાની-મોટી વાત રહે છે, એક બાજુ મુકીએ, તો એવી કાંઈ ખાસ ઉપાધિ નથી. બહુ સુખચેનથી અને શાંતિથી અમારું જીવન પસાર થઈ રહ્યું છે અને કરીએ છીએ. કહે છે, કે ભાઈ ! એ પણ તેં વર્તમાન સંયોગોનો આધાર લીધો, એ તને મોંઘો પડશે, બહુ દુઃખદાયક થઈ પડશે. કેમ કે ત્યાં તને એટલો રસ આવ્યો છે કે વર્તમાન થતી આકુળતા તારા જ્ઞાનમાં જણાતી નથી. આકુળતા તો થઈ જ રહી છે. પણ એના જ્ઞાનમાં જણાતી નથી. અને તારા એ પરિણામ એમ સૂચવે છે, કે નજીકના ભવિષ્યમાં તું તારા સ્વરૂપનો આશ્રય લે એવા કોઈ ચિહ્ન દેખાતા નથી અને સંયોગાશ્રિત જે વૃત્તિ છે, એ વૃત્તિમાં ફેર પડે, એવા કોઈ લક્ષણ દેખાતા નથી. એમ એનો અર્થ થાય છે. તો ભલે તને આ સુખચેન હોય તો ભલે રહ્યું સુખચેન. ભોગવ તું. તું સુખચેન એ રીતે ભોગવ તો એથી કાંઈ અમને થોડી તકલીફ છે ? કે બીજી રીતે તું દુઃખી હો કે સુખી હો એથી કાંઈ બીજાને તો લેવાદેવા નથી. પણ જીવ ભ્રમણામાં દુઃખમાં સુખ માને છે અને ઘણા દુઃખમાં ધકેલાઈ જાય છે, એ સુખચેન ક્ષણમાત્રમાં ફરીને, એવા આકુળતાવાળા પરિણામ થશે

કે જે તને સમજાશે, સહન નહિ થાય, તોપણ છુટી શકશે નહિ. એ સ્થિતિમાં આવતા તને વાર નહિ લાગે.

મુમુક્ષુ :– ખરેખર સુખચેન છે જ નહિ ત્યાં.

પૂજ્ય ભાઈશ્રી :– છે જ નહિ. પણ એને ઘડીભર સુખ લાગતું હોય, શાતા લાગતી હોય, એ ભ્રમણામાં દુઃખ વધવાનું મૂળિયું વધારે મજબૂત થઈ ગયું છે. એવી શાતાના સુખમાં આગામી ઘણા દુઃખનું મૂળ વધારે મજબૂત થઈ રહ્યું છે. એ દુઃખ એમાંથી પાંગરી જશે એમ છે. એટલે ભગવાન એમ કહે છે **'કે તું સ્વભાવમાં વિસામો લે. તારો થાક ઉતરી જશે.'** તારા સ્વરૂપની અંદર ઠર. અનંત શાંતિનું જે ધામ છે, એમાં શાંત થઈને ઠરી જા. અનંત કાળનો બધો થાક તને એમાં ઉતરી જશે. કોઈ પછી માનસિક થાક કે સંયોગોની પ્રતિકૂળતાનો થાક એ પછી કોઈ પરિસ્થિતિ તને રહેશે નહિ.

મુમુક્ષુ :– ત્યાં સુધી અનંતકાળનો થાક ન ઉતરે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્યાં સુધી મોક્ષમાર્ગમાં પ્રવેશ ન કરે, એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ કરીને પ્રથમ શુદ્ધોપયોગમાં સ્વભાવમાં ઠરે નહિ, અનુભવ થાય ત્યારે એ સ્વભાવમાં ઠરે છે, ભલે ક્ષણ પૂરતો ઠરે છે પણ એ ક્ષણ બહુ મોટી છે, મોટી છે એટલે મહાન છે, ઉચ્ચ કોટીની છે. કે એક ક્ષણ અનંતા ભવભ્રમણને ભુક્કા બોલાવે છે, એવી એ ક્ષણ છે. કહે છે કે તારો અનંતકાળનો થાક ઉતરી જશે.

**'શુદ્ધ ચૈતન્ય ભગવાનના આશ્રયે શુદ્ધ પરિણતિ કરવી એ અપૂર્વ છે.'** અનંતકાળમાં ક્યારેય ન કરેલું એવું કાર્ય, નિજ શુદ્ધ ચૈતન્ય, ભગવાનસ્વરૂપ આત્મા છે, એના આશ્રયે શુદ્ધ પરિણતિ કરવી, શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને આનંદની પરિણતિ કરવી **'એ અપૂર્વ છે.'** ક્યારેય જીવે એ કરી નથી. બધું અશુભ ને બધું શુભ ચારે બાજુનું જે કાંઈ જગતમાં દેખાય છે એ સર્વ કરી ચૂક્યો છે અને એના ફળ પણ એને મળી ચૂક્યા છે. અને જ્યાં સુધી પોતાના સ્વ આશ્રયભાવમાં ન આવે ત્યાં સુધી, એના એ પંચ પરાવર્તનના પરિણામ ચાલુને ચાલુ રહે છે. એમાં કાંઈ નવીન નથી, અપૂર્વ નથી. એટલે સમ્યગ્દર્શન કરવું તે અપૂર્વ છે એમ કહે છે. મોક્ષમાર્ગ પ્રગટ કરવો તે અપૂર્વ છે. સ્વાનુભવ કરવો તે અપૂર્વ છે.

**'એ સમ્યક્ પરિણતિ કરે તો શાશ્વત સુખને પામે,...'** એવા પોતાના અંતર્મુખના શુદ્ધ ચૈતન્યના આશ્રયરૂપ પરિણામ કરે તો એ સમ્યક્ પરિણતિ છે, એ સ્વાભિમુખ પરિણતિ છે. અંતર્મુખ પરિણતિથી એ સાદિ અનંત કાળ પર્યંત પરમાનંદના સુખને પામે એ દશામાં એ આવશે. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન, અનંતજ્ઞાન સહિત જો.' એ સ્થિતિ આવશે. આખી શરૂઆત બીજી રીતે થાય છે એટલે એને અપૂર્વ અપૂર્વ પરિણામ કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન થવું એ તો અપૂર્વ જ થયું, પણ ત્યાર પછી મોક્ષમાર્ગમાં જીવ આગળ વધે છે એ બધા પરિણામ એને અપૂર્વ-અપૂર્વ છે. ક્યારેય પૂર્વે કરેલા નથી.

**'એ સમ્યક્ પરિણતિ કરે તો શાશ્વત સુખને પામે, અનંતા અનંતા ગુણની પૂરણ પર્યાયો પ્રગટતાને પામે.'** શું કહે છે ? કે આ બધું કહીએ છીએ એનું કાંઈ તને મૂલ્યાંકન થાય છે ? એની કીંમત આવે છે ? સ્વાધ્યાયનો હેતુ તો એટલો જ છે કે આ જીવને સુખ જોઈએ છે અને દુઃખ જોઈતું નથી. તો આ સુખ-દુઃખનો જે વિષય છે એ આની અંદર મુખ્ય છે. સુખ પ્રાપ્તિનું કારણ અને દુઃખ ટળવાનું કારણ, એ કારણ ઉપર તને કાંઈ કીંમત આવે છે ? તો એને તું અંગીકાર કર. જો ભારે કર્મપણાને લઈને, ભારે કર્મીજીવ હોય છે ને ? નથી કહેતા ભારે કર્મી જીવ છે. ભારે કર્મીનો અર્થ એમ નથી કે અત્યારે પાપ કરે છે. અત્યારે ઘણા પાપની પ્રવૃત્તિમાં પ્રવર્તી રહ્યો છે એમ ત્યાં અર્થ નથી. પણ એને સન્માર્ગ સામે દેખાડનારા મળ્યા, સન્માર્ગ પ્રાપ્ત થાય એવી સાનકૂળ પરિસ્થિતિ બહારમાં (પ્રાપ્ત થઈ), (એમાં) પરિણામ વૃદ્ધિગત થઈને, રુચિ થઈને એ વિષયને, એ માર્ગને અંગીકાર કરતા નથી. અથવા તો આની જે કીંમત આવવી જોઈએ એ જ્ઞાનમાં અને સમજણમાં એની કીંમત આવતી નથી, ત્યારે એને ભારે કર્મીપણું છે એમ કહેવામાં આવે છે. હળુકર્મી અને ભારેકર્મી એમ કહે છે ને ?

'શ્રીમદ્‌જી'એ વ્યાખ્યાનસારમાં એક દૃષ્ટાંત લીધું છે, કે હળુકર્મી જીવ છે એ ધોતિયા જેવું ઓઢીને સૂતો છે. અજ્ઞાનમાં સૂઈ ગયો છે. અજ્ઞાનની નિંદ્રામાં. પણ કેવું ? ધોતિયા જેવું પાતળુ-ઝીણું વસ્ત્ર ઓઢીને સૂતો છે. એટલે શ્રીગુરુના ઉપદેશની લાકડી એને તરત વાગે છે. અને ભારેકર્મી જીવ જાડા ગોદડા ઓઢીને સૂતો છે, એને શ્રીગુરુની ઉપદેશની લાકડી વાગતી નથી. લાકડી તો લાકડી જ છે, બન્નેને સરખી જ મારે છે. પણ જેણે પાતળું ઓઢ્યું છે એ જાગી જાય છે અને પેલો જાગતો નથી. આ પરિસ્થિતિ છે.

એ જાડું ગોદડું શું છે ? કે એને જે સંયોગ પ્રત્યેનો તીવ્ર રસ છે, આ બધું મારું. આ મારું છે તે બધું સરખું રાખું, આ મારું છે તેને બધું એવું મજાનું વધારીને એવું સરખું કરું, એવું ઠીક રાખું. સાચવવું અને વધારવું, એવો જે સંયોગનો રસ છે એ અસંયોગી તત્ત્વના ઉપદેશથી વિરુદ્ધ હોવાથી અસંયોગી તત્ત્વની વાત એને સ્પર્શતી નથી, એને કાંઈ અસર કરતી નથી. એ દશા આવે છે. અને એમાં એને સુખ છે એટલે ભ્રાંતિગતપણે જે સુખ ખરું ભાસે છે. ભ્રાંતિગતપણાને લઈને દુઃખ હોવા છતાં જે ખરું સુખ ભાસે છે, એ સ્થિતિ એને સમજણના કાળમાં સુખ આત્મામાં છે અને સાચું સુખ, આત્મિક સુખ કેવું હોય એનો નિશ્ચય થવા દેતું નથી.

કાલે એક ભાઈએ એ પ્રશ્ન કર્યો હતો. વાંચન પછી બેઠા હતા. કે એક મ્યાનમાં બે તલવાર રહે એવી કોઈ મ્યાન બનાવરાવીને બે તલવાર સાથે રાખીએ તો ? એટલે કે સંસારનું સુખ એ પણ સાથે રહે અને મોક્ષનું સુખ પણ સાથે રહે એવી મ્યાન આપણે બનાવરાવીએ. આમ તો એક મ્યાનમાં બે તલવાર નથી સમાતી પણ નવી એક મ્યાન બનાવીએ આપણે કે જેમાં બે તલવાર સાથે રાખીએ તો શું વાધો ? ઠીક. કહે છે કે ભાઈ ! દુઃખ અને સુખ સાથે કઈ રીતે રહેશે ?

જેને તું સંસારમાર્ગના પરિણામ કહે છો, એ તો દુઃખમય પરિણામ છે, બંધના પરિણામ છે. સુખમય મુક્તિના પરિણામ છે એનાથી વિરૂદ્ધ છે. બે સાથે કેવી રીતે રહેશે ? અને એક જ દશા છે તે એક દશા મુક્તિની પણ હોય અને તેની તે દશા પાછી બંધની હોય એ કેવી રીતે થશે ? કાં તો આ આંગળી એની દશામાં સીધિ રહે અને કાં વળેલી રહે. પણ વળેલી અને સીધી એક સાથે રાખવી હોય તો ? પણ એક જ આંગળીની દશા છે કાં તો આમ રહે અને કાં તો આમ રહે. એક ચીજની બે વિરુદ્ધ દશા કેવી રીતે થાય ? જુદી જુદી કેવી રીતે થાય ? એ અશક્ય અને અસંભવિત છે.

એટલે જેને હજી સંયોગમાંથી સુખ લેવું છે અને સંયોગમાંથી સુખ લેવાની ભાવના છોડવી નથી. સ્વેચ્છાએ કરીને, ઇચ્છાએ કરીને જેને એ દિશામાં જવું છે, અભિપ્રાયથી એ દિશામાં જવું છે એણે મુક્ત થવાની આશા માંડી વાળવી. એને મુક્ત થવાનો કોઈ અવકાશ છે, કે એને મુક્ત થવાનું જે તત્ત્વ છે એ રુચશે એવું નહિ બને. એને એની અરુચિ રહેશે. અને જે વિષયની અરુચિ હોય એનો વિકાસ થવાનો પ્રશ્ન રહેતો નથી. શું કહે છે ?

પ્રશ્ન એ ચાલ્યો હતો કે આવી વાત છે તો પછી આવા સુખની વાત છે. આ વાત આવા નિરાકુળ સુખની છે અને પેલી બધી દુઃખની વાત છે. તો પછી જીવ સાંભળીને કેમ ફરતો નથી ? સાંભળે છે, બુદ્ધિમાં એમ કહે છે કે ના, ના વાત તો ન્યાયથી, Logic થી, યુક્તિથી, આગમથી, દૃષ્ટાંતથી બધા પડખેથી ચોખ્ખી છે એમાં કાંઈ ફેર પડતો નથી. પણ જીવ વળતો કેમ નથી ? કે એને વિશ્વાસ આવતો નથી.

એ તો કાલે વાંચનમાં આવ્યું હતું. એને સાથે સાથે પ્રતીતિ આવવી જોઈએ. માત્ર જાણી લે એનાથી એનું કાર્ય (નથી થતું) જાણવું પણ સમ્યક્ પ્રકારે જાણવું, જાણવું પણ આત્મહિતના હેતુથી જાણવું, એ લક્ષથી જાણવું. એમ જાણવા જાણવામાં ફેર છે. ઉપલકપણે જાણીને પાછી રુચિ જે છે એ સંયોગની રુચિ ને પુણ્ય-પાપના પરિણામની રુચિને જ પોસ્યા કરે, એનું જ પોષણ એને પરિણામમાં ચાલુ રહે, તો આ જાણેલું એનો હેતુ અન્યથા થઈ જશે. જે હેતુથી એને આત્મહિતના હેતુથી જાણવું જોઈએ એ હેતુ સચવાશે નહિ. અને જાણ્યા

પછી જીવ કાં એને અંગીકાર કરવાનો પ્રયત્ન કરે છે અને કાં એને નહિ અંગીકાર કરવારૂપ બીજા કોઈ પ્રયત્નમાં લાગી જાય છે. બેમાંથી એક તો બને જ છે.

દરેક પદાર્થમાં જે પદાર્થ એને જાણવા મળે છે એ એને અંગીકાર કરવા જેવો લાગે છે તો એ બાજુના પ્રયત્નમાં એનો પુરુષાર્થ કામ કરવા લાગે છે. અને જે કોઈ પદાર્થ જાણ્યા પછી એને એ વાત પોતાને કામની લાગતી નથી તો એના પુરુષાર્થમાં તે જોડાતો નથી, એ દિશામાં તે જોડાતો નથી.

હવે આ તત્ત્વ તને જાણવા મળ્યુ, અને જાણવા મળ્યા પછી એ બાજુના પુરુષાર્થમાં તું જોડાતો નથી, તો એ એમ સૂચવે છે કે જાણ્યા પછી એ વાત તને કામની લાગી નથી, નકામી લાગી છે. એ સાબિત કરવા જવું પડે એવું નથી. અને એમાં કાંઈ પાટાપીંડી કરે એમાં ફેર પડે એવું નથી. કે ના, ના ભાઈ ! અમારે તો ઘણી ભાવના છે. પુરુષાર્થ નથી ઉપડતો એ વાત સાચી છે પણ અમારી ભાવના તો ઘણી છે. એમ પોતે પોતાને થાબડભાણા કરે, થાબડભાણા કરે એટલે ઢાંકે. પોતાના વિપર્યાસને ઢાંકે તો એથી કાંઈ માર્ગપ્રાપ્તિ તો થઈ જતી નથી. શું કહે છે ?

**'એ સમ્યક્ પરિણતિ કરે તો શાશ્વત સુખને પામે, અનંતા અનંતા ગુણની પૂરણ પર્યાયો પ્રગટતાને પામે.'** એ શાશ્વત સુખ પામે એવો સુખગુણ તો પૂરેપૂરો પ્રગટ થાય. પણ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતપુરુષાર્થ સર્વ ગુણો જે છે, અનંતેઅનંત સર્વ ગુણો છે એની પૂરેપૂરી શુદ્ધ અવસ્થા જે અરિહંત અવસ્થામાં પ્રગટ થાય છે, શુદ્ધ અવસ્થામાં પ્રગટ રહે છે, એવી સર્વ પર્યાયની પ્રગટતાને એ પામશે. તને જેની કીંમત છે એ તો બધા પુણ્યના ફળ છે. પણ કુદરતી કોઈ એવી જ રચના થાય છે, કે આવી પૂર્ણ દશાને પામેલા જે અરિહંતો છે, કેવળીઓ છે, એ અરિહંતો અને કવળીઓના સમવસરણમાં, કોઈ કેવળીને વાણીનો યોગ હોય તો સમવસરણની રચના થાય.

'રામચંદ્રજી'ના વખતમાં એમને એવું થયેલું કે વનવાસમાં હતા ત્યારે એક મુનિરાજને જંગલમાં ઉપસર્ગ પડે છે અને એ ઉપસર્ગને પોતે દૂર કરે છે. એ જ મુનિરાજ છદ્મસ્થ અવસ્થામાં હતા ત્યાં એનો ઉપદેશ સાંભળે છે. ચૌદ વર્ષના વનવાસ પછી અયોધ્યામાં નિવાસ કરે છે ત્યારે પેલા મુનિરાજને કેવળજ્ઞાન થાય છે અને એમનું સમવસરણ અયોધ્યાના ઉપવનમાં આવે છે. અને ફરીને ત્યાં એમનો કેવળજ્ઞાની તરીકે એમનો ઉપદેશ સાંભળવાનો એમને અવસર મળે છે.

મુમુક્ષુ :– સકલભૂષણ.

પૂજ્ય ભાઈશ્રી :– નામ બહુ યાદ નથી રહ્યું. પદ્મ પુરાણમાં વિષય છે. તો પુણ્યવંતમાં પુણ્યવંત જીવો હોય છે એ આવીને એને નમે છે.

તને પુણ્યની કીંમત છે ને ? અહીં તો એમ કહેવું છે. પણ આ સો ઇન્દ્રો આવીને એને નમે છે. જગતના સર્વોત્કૃષ્ટ પુણ્યના ધારક જીવો છે, એ સોએ સો ઇન્દ્રો એને તો નમે છે. અને એ નમે છે છતાં જે પૂર્ણ જ્ઞાનમાં સ્થિર છે, પૂર્ણ દશામાં સ્થિર છે એ સામું જોતા નથી. 'ભલે સો ઇન્દ્રોના રતનમય સ્વસ્તિક બનતા' આવે છે ને ? ભગવાનની સ્તુતિમાં. 'નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા.' હે પરમાત્મા ! તમારી પરિણતિ તો એની સન્મુખ જરા પણ નથી. પોતે પોતાના સ્વરૂપધ્યાનમાં લીન છે. ભલે સો ઇન્દ્રો નમે. હવે તું કહે કે આ દશાની કીંમત કે આ જે એના પગમાં આળોટે છે એની કીંમત ? જેની ચરણરજ એ માથે લે છે એની કીંમત કે તારા પુણ્યના સંયોગોની કીંમત છે ? બેમાંથી કોની કીંમત છે ? એમ કહે છે. પેલી તો કીંમત છે એ તને દુઃખનું કારણ થશે. બીજું કાંઈ થશે નહિ. એની કીંમતું કરતાં.. એ તો વિષય લેવો છે. કે એવી જીવની પૂર્ણ પર્યાયો પ્રગટતાને પામશે, માટે બહારના પુણ્યના સંયોગોના, **'હરખુના-હોંશુના સબડકા છોડી દે.'** કેવો ઘરગથ્થુ વિષય લીધો છે !

આ દાળનો અને દૂધપાકનો સબડકો લે છે ને ? અત્યારે ચમચા વાપરે છે. પહેલા એક જમાનો હતો કે ચમચાનો જમતી વખતે ઉપયોગ નહોતો. એ સબડકા લે. હાથમાં એક ચમચી જેટલું દાળનું કે દૂધપાકનું પ્રવાહી આવી જાય. પણ એમાં ફેર છે. સાધનથી કોઈ ચીજથી

ચમચીથી, છરી-કાટાથી આહાર કરે અને હાથથી આહાર કરે એમાં બધો ફેર છે. (એમ આ જીવ) ભાવે પણ હોંશનો અને હરખનો સબડકો લે છે. 'ગુરુદેવ' ની ઘરગથ્થુ ભાષા છે. અનુભવમાં શું થાય છે એ અનુભવની પદ્ધતિથી સમજાવે છે.

ઘરે જ્યાં સારા પ્રસંગ હોય છે ત્યારે એને હોંશ થાય છે, પુણ્યનો ઉદય જાણીને હોંશ કરે છે પણ કહે છે કે તારો એ જે રસ રેડાય છે એ તને ઘણો દુઃખદાયક થઈ પડશે. એ ઘણા દુઃખમાં ભળીને ત્યાં પુષ્ટ કરે છે, એમ સમજવું જોઈએ. એ આત્માથી દૂર જવાના પરિણામ છે. સ્વભાવનો આશ્રય કરવાને બદલે બહારમાં પ્રસંગમાં રસ અને હોંશ કરે એ પરાશ્રયને વધારે જોરથી પરાશ્રય કરે છે. પરાશ્રયમાં પણ વધારે જોરથી પરાશ્રય કરે છે. એ તું છોડી દે. એ તો કરવા જેવું નથી. એવા તીવ્ર પરરસના પરિણામમાં તો સ્વરસની જરા પણ જગ્યા નથી. અને સ્વરસથી જે સ્વભાવ ભણી, સ્વભાવ પ્રત્યે વળવાનું છે એ બિલકુલ થઈ શકતું નથી. એ આત્માને અહિતના, ઘણા અહિતના પરિણામ છે. બહારના પ્રસંગમાં હોંશ કરવી, હરખ કરવો એ ઘણા અહિતના પરિણામ છે. પોતાને માટે ઘણા અહિતના પરિણામ છે એમ કહેવું છે. એટલે આજ્ઞા કરે છે કે એ પરિણામ છોડી દે. એ પરિણામ કરવા જેવા નથી.

**'એ ભ્રાંતિ છોડી દે અને જિનવરદેવે ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કર.'** બહારમાં હરખ અને હોંશ થાય છે એ ભ્રાંતિગતપણે ભાસેલું સુખ છે. ત્યાં સુખની ગંધ પણ નથી પણ તને ભ્રાંતિગતપણે ભાસેલું એવું સુખ છે, એને તું છોડી દે. અને **'જિનવરદેવે ઉપદેશેલી જે શુદ્ધ સમ્યક્ પરિણતિ...'** સ્વાભિમુખ. સમ્યક્ એટલે સ્વાભિમુખ પરિણતિ, શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની જે પરિણતિ કરવાનો જિનેન્દ્રદેવનો, પરમાત્માનો જે ઉપદેશ છે. એ **'પરિણતિ કર તો તું જરૂર શાશ્વત સુખને પામીશ.'** એવા શુદ્ધ પરિણતિના પરિણામ કર તો એના ફળમાં શાશ્વત સાદિ અનંત અનંત સમાધિનું સુખ પ્રગટશે. અરિહંત દશાનું સુખ પ્રગટશે અને એ શાશ્વત કાળ રહેશે. ત્યારે એ પૂર્ણ સુખમાં ઓછાપણું નહિ થાય. પૂર્ણતામાં અપૂર્ણતા એક અંશે નહિ આવે અને કાળ અપેક્ષાએ એક સમયનો ક્યારેય પણ તને એમાં ફેર પડશે નહિ. સાદિ અનંત કાળપર્યંત એ દશામાં રહેવાનું થઈ જશે. એટલે એની કીંમત કરીને સાચો રસ્તો પકડ એમ કહેવું છે. ૪૫૯ (બોલ પૂરો) થયો.


**'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી) ના સ્વામિત્વનું વિવરણ ફોર્મ નં.૪, નિયમ નં. ૮**

| | |
|---|---|
| પત્રનું નામ | : 'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી). |
| પ્રકાશ સ્થળ | : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧. |
| પ્રકાશન અવધિ | : માસિક |
| મુદ્રક | : ભગવતી ઓફસેટ, ૧૫/સી બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪. |
| પ્રકાશકનું નામ | : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સંપાદકનું નામ | : શ્રી હીરાલાલ જૈન, (ભારતીય), ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સ્વામિત્વ | : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |

હું, હીરાલાલ જૈન, એતદ દ્વારા ઘોષણા કરું છું કે મારી અધિકૃત જાણકારી અને વિશ્વાસ અનુસાર ઉપરોકત વિવરણ સત્ય છે.

તા. ૩૧ માર્ચ, ૨૦૧૨

હીરાલાલ જૈન

મેનેજીંગ ટ્રસ્ટી-શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ.




૪૧૪

મુંબઈ, આસો, ૧૯૪૮

ૐ

જે કંઈ ઉપાધિ કરાય છે, તે કંઈ 'સ્વપણા'ને કારણે કરવામાં આવતી નથી; તેમ કરાતી નથી. જે કારણે કરાય છે, તે કારણ અનુક્રમે વેદવા યોગ્ય એવું પ્રારબ્ધકર્મ છે. જે કંઈ ઉદય આવે તે અવિસંવાદ પરિણામે વેદવું એવું જે જ્ઞાનીનું બોધન છે તે અમારે વિષે નિશ્ચળ છે, એટલે તે પ્રકારે વેદીએ છીએ; તથાપિ ઇચ્છા તો એમ રહે છે કે અલ્પકાળને વિષે, એક સમયને વિષે જો તે ઉદય અસત્તાને પામતો હોય તો અમે આ બધામાંથી ઊઠી ચાલ્યા જઈએ; એટલી આત્માને મોકળાશ વર્તે છે. તથાપિ 'નિદ્રાકાળ', ભોજનકાળ તથા અમુક છૂટક કાળ સિવાય ઉપાધિનો પ્રસંગ રહ્યા કરે છે, અને કંઈ ભિન્નાંતર થતું નથી, તોપણ આત્મોપયોગ કોઈ પ્રસંગે પણ અપ્રધાનપણું ભજતો જોવામાં આવે છે, અને તે પ્રસંગે મૃત્યુના શોકથી અત્યંત અધિક શોક થાય છે, એમ નિઃસંદેહ છે.

એમ હોવાથી અને ગૃહસ્થ પ્રત્યયી પ્રારબ્ધ જ્યાં સુધી ઉદયમાં વર્તે ત્યાં સુધીમાં 'સર્વથા' અયાચકપણાને ભજતું ચિત્ત રહેવામાં જ્ઞાનીપુરુષોનો માર્ગ રહેતો હોવાથી આ ઉપાધિ ભજીએ છીએ. જો તે માર્ગની ઉપેક્ષા કરીએ તોપણ જ્ઞાનીને વિરાધીએ નહીં એમ છે, છતાં ઉપેક્ષા થઈ શકતી નથી. જો ઉપેક્ષા કરીએ તો ગૃહસ્થપણું પણ વનવાસીપણે ભજાય એવો આકરો વૈરાગ્ય વર્તે છે.

સર્વ પ્રકારના કર્તવ્યને વિષે ઉદાસીન એવા અમારાથી કંઈ થઈ શકતું હોય તો તે એક જ થઈ શકે છે કે પૂર્વોપાર્જિતનું સમતાપણે વેદન કરવું; અને જે કંઈ કરાય છે તે તેના આધારે કરાય છે એમ વર્તે છે.

અમને એમ આવી જાય છે કે અમે, જે અપ્રતિબદ્ધપણે રહી શકીએ એમ છીએ, છતાં સંસારના બાહ્યપ્રસંગને, અંતરપ્રસંગને કુટુંબાદિ સ્નેહને ભજવા ઇચ્છતા નથી, તો તમ જેવા માર્ગેચ્છાવાનને તે ભજવાને અત્યંત ત્રાસ અહોરાત્ર કેમ નથી છૂટતો ? કે જેને પ્રતિબદ્ધપણારૂપ ભયંકર યમનું સહચારીપણું વર્તે છે.

જ્ઞાનીપુરુષને મળીને જે સંસારને ભજે છે, તેને તીર્થંકર પોતાના માર્ગથી બહાર કહે છે.

કદાપિ જ્ઞાનીપુરુષને મળીને સંસાર ભજે છે, તે સર્વ તીર્થંકરના માર્ગથી બહાર કહેવા યોગ્ય હોય તો શ્રેણિકાદિને વિષે મિથ્યાત્વનો સંભવ થાય છે, અને વિસંવાદપણું પ્રાપ્ત થાય છે. તે વિસંવાદપણાથી યુક્ત એવું વચન જો તીર્થંકરનું હોય તો તે તીર્થંકર કહેવા યોગ્ય નથી.

જ્ઞાનીપુરુષને મળીને જે આત્મભાવે, સ્વચ્છંદપણે, કામનાએ કરી, રસે કરી, જ્ઞાનીનાં વચનની ઉપેક્ષા કરી, 'અનુપયોગપરિણામી' થઈ સંસારને ભજે છે, તે પુરુષ તીર્થંકરના માર્ગથી બહાર છે, એમ કહેવાનો તીર્થંકરનો આશય છે.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (માર્ચ-૨૦૧૨નું) શુલ્ક શ્રી શાંતિલાલભાઈ વેલજીભાઈ દેઢીયા, અંધેરી, મુંબઈ (મો.૦૯૮૨૦૨૨૮૨૯૯) ના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૫૧ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૫-૦૯-૧૯૯૧

**'આત્માર્થી.... શુદ્ધાત્મ સત્કાર !**

**પત્ર મિલા. પરમ કૃપાલુ ગુરુદેવશ્રીકે મુખારવિંદસે મુજ સંબંધી નિકલે સહજ ઉદ્‌ગાર આપકો અમુક-અમુક સ્થાનોંકે ભાઈયોંસે જ્ઞાત હુએ સો આપ સબને સ્વાભાવિક પ્રસન્નતા ઔર ઉત્સાહપૂર્વક મુજે લિખે, સો જાને.'** પૂજ્ય ગુરુદેવશ્રીએ સોગાનીજી વિશેની પ્રશંસાના શબ્દો વિહાર દરમ્યાન અમુક અમુક સ્થાને, અમુક અમુક ગામમાં, વ્યક્ત કર્યા છે. (એટલે) જે એમના પરિચયમાં આવ્યા હતાં એ લોકો એ એમને પત્ર મારફત (લખ્યું હતું) કે, ફલાણા ગામમાં ગુરુદેવશ્રી આપને વિશે આમ બોલ્યા, આપના વિશે આમ બોલ્યા. એમ પ્રસન્નતાથી (અને) ઉત્સાહથી એ લોકોએ લખ્યું કે, આપના વિશે આવા શબ્દો વાપર્યા છે, આવા શબ્દો વાપર્યા છે, આપના વિષે આમ બોલે છે... આમ બોલે છે... એની પહોંચ એમણે (આ પત્રમાં) લખી છે કે, આપે બધાંએ લખ્યું છે એ મેં જાણ્યું.

**'મુક્તિનાથકી ઇસ દાસ પ્રત્યે...'** મુક્તિનાથ એટલે ગુરુદેવશ્રી. પછી તો ઘણા લોકો પરિચયમાં આવ્યા હતા એટલે છૂટક છૂટક કોઈના પત્રનો ઉત્તર આપ્યો છે. બધાંને (ઉત્તર) નથી આપ્યો પણ કોઈ-કોઈને ઉત્તર આપ્યો છે.

**'મુક્તિનાથકી ઇસ દાસ પ્રત્યે...'** એટલે ગુરુદેવ પ્રત્યે પોતાનું દાસત્વ વ્યક્ત કર્યું છે. **'સહજ કૃપાદૃષ્ટિ...'** (અર્થાત્) ગુરુદેવની મારા ઉપર જે સહજ કૃપાદૃષ્ટિ છે, વહ **'ઇસ બાતકા દ્યોતક હૈ...'** (એટલેકે) એ વાતને પ્રકાશે છે - સ્પષ્ટ કરે છે, **'કિ અતિ ઉમંગભરી મુક્તિસુંદરી અપ્રતિહતભાવે, મુજ કૃતકૃત્યકે સાથ, મહા આનંદમયી અસ્ખલિત, પરમગાઢ આલિંગનયુક્ત રહકર શીઘ્રાતિશીઘ્ર કૃતકૃત્ય હોના ચાહતી હૈ.'** મોક્ષની ભાવના ભાવી છે. ગુરુદેવશ્રીએ મારી જે પ્રશંસા કરી છે એના ઉપરથી એમ દેખાય છે કે, મારો મોક્ષ હવે જલ્દી થઈ જશે. એકદમ સાહિત્યની ભાષા જેવી ભાષા વાપરી છે.



પણ સીધો એનો ભાવાર્થ એ છે કે, હવે મારો બહુ અલ્પકાળમાં મોક્ષ થઈ જશે. ગુરુદેવની આવી કૃપાદૃષ્ટિથી મને એમ લાગે છે કે મારો મોક્ષ હવે બહુ નજીક છે. એમની કૃપાદૃષ્ટિ નહીંતર થાય નહીં. મારો મોક્ષ થવાનો હોય તો એમની કૃપાદૃષ્ટિ થાય. આમ સાંકેતિક વાત કરી છે. જેમ ફલાણું સપનું આવ્યું હોય તો આમ થાય એમ ગુરુદેવના શ્રીમુખેથી મારી પ્રશંસા થઈ એનાથી એમ લાગે છે કે, હવે મારી મુક્તિ નજીક છે. એમની કૃપાદૃષ્ટિ એમ સૂચવે છે.

હવે એમાં શું લીધું છે કે, જે મુક્તિ છે એના ઉપર વજન નથી આપ્યું. એમની જે કથનશૈલી છે એમાં મુક્તિની પર્યાય ઉપર એમનું વજન નથી. શું (લખે છે ?) **'મુક્તિસુંદરી અપ્રતિહતભાવે...'** એટલે (ક્યાંય) રોકાણ વગર - ભાવ પાછો પડ્યા વિના - સાધકદશામાં ક્યાંય ભાવ પાછો પડ્યા વિના મુક્તિરૂપી સ્ત્રી મારી સાથે આલિંગન લઈને કૃતકૃત્ય થવાં માગે છે ! (એટલેકે) હું તો કૃતકૃત્ય જ છું !! હું કાંઈ અકૃતકૃત્ય નથી, હું તો કૃતકૃત્ય જ છું. પણ પર્યાય કૃતકૃત્ય થવાં માટે હવે મારી બાજુ આવે છે. એમ કરીને ભાષા અલંકારથી પણ એમણે દ્રવ્યની પ્રધાનતા અને પૂર્ણ મુકત પર્યાયની પણ ગૌણતા - એ શૈલીથી એ વાત કરી છે.

**'પરમ પિતાશ્રીને....'** ગુરુદેવને માટે બીજું વિશેષણ વાપર્યું છે, ગુરુદેવને માટે કેટલા વિશેષણો વાપર્યા છે એ જુદા તારવો ને ! કેવા કેવા વિશેષણો વાપર્યા છે ! એ તો ભક્તિના પ્રકરણમાં લઈ શકાય, એમના જીવન ચરિત્રમાં 'ગુરુભક્તિ' નું પ્રકરણ આપણે જુદું પાડ્યું છે, તો એમણે ગુરુદેવશ્રી માટે ભક્તિવશ કેવા કેવા બહુમાનસૂચક શબ્દોનો પ્રયોગ કર્યો છે !

**'પરમ પિતાશ્રીને હમ સબ પુત્ર મંડલકો અટૂટ લક્ષ્મીભંડાર...'** (અટૂટ એટલે) ખૂટે નહીં એવો, ટૂટે નહીં

એવો. ગુરુદેવે આપણને - બધાં પુત્રમંડળને - આપણે બધાં એમના પુત્રમંડળ છીએ અને એ આપણાં પરમ પિતા છે - ધર્મપિતા છે. એમણે લક્ષ્મીનો ભંડાર આપ્યો છે. જેમ બાપ દિકરા માટે વારસમાં મૂકી છોડી જાય ને એવી રીતે એવો ભંડાર આપ્યો છે.

**'(દષ્ટિરૂપી ચાવી દ્વારા ખોલકર)...'** ભંડાર (પણ) આપ્યો છે અને એની ચાવી પણ તિજોરી સાથે આપી છે કે, આ ચાવીથી ખોલીને અંદરથી જોઈએ એ કાઢજો, અંદરથી કાંઈ ખૂટે એવું નથી. આ અક્ષય ભંડાર છે. **'ભોગ હેતુ પ્રદાન કિયા હૈ,...'** બસ ! ભોગવો...! આનંદને ભોગવો.... સુખી થઈ જાઓ બધાં....! **'ઇસે નિત્ય ભોગો, નિત્ય ભોગો, યહ હી ભાવના હૈ.'** તમે બધાં મુમુક્ષુભાઈઓ મને પત્ર લખો છો, તો એમણે જે જ્ઞાનભંડાર આપ્યો છે, જ્ઞાનલક્ષ્મીનો ભંડાર આપ્યો છે, એ આપણા પિતાનો વારસો છે એને આપણે બધાં ભોગવીએ !

**'તીર્થંકરયોગ સૂચિત કરતા હૈ...'** આ ગુરુદેવને (માટે) તીર્થંકરયોગ શબ્દ લીધો ! ભાવિ તીર્થંકર છે ને ! એમનો અત્યારે યોગ થયો છે. **'તીર્થંકરયોગ સૂચિત કરતા હૈ કિ સબ સજ્જન પુત્રગણ ઇસ ભોગકો નિઃસંદેહ ભોગતે હુએ નિત્ય અમર રહેંગે.'** એમનો આપણને ભેટો થયો છે એમાંથી એમ સૂચિત થાય છે કે, બધાંય સજ્જન પુત્રગણો આ જ્ઞાનભંડારને ભોગવીને ભોગવતાં... ભોગવતાં... નિઃસંદેહ અમર થઈ જશે. બધાં શાશ્વતપદને પ્રાપ્ત કરશે - મુક્તિને રસ્તે બધાં આવશે. બાકી મૂળ સ્વરૂપમાં તો એ કોઈ પર્યાયની વાત નથી, એમ કરીને નિયમસારની ગાથાઓ ટાંકી છે.

**'સ્થાનો ન ક્ષાયિકભાવનાં, કે ક્ષાયોપશમિક તણા નહીં'** (અર્થાત્) મારા આત્મદ્રવ્યમાં ક્ષાયિકભાવનું કોઈ સ્થાન નથી, ક્ષયોપશમ ભાવનું પણ કોઈ સ્થાન નથી. **'સ્થાનો ન ઉપશમભાવનાં, કે ઉદયભાવ તણાં નહીં.'** (અર્થાત્) ઉપશમભાવનું પણ કોઈ સ્થાન નથી અને ઉદયભાવનું પણ કોઈ સ્થાન નથી. ચારે પ્રકારની પર્યાય એટલે કે કોઈપણ પ્રકારની પર્યાયનું સ્થાન મારા સ્વરૂપમાં નથી. એ નિયમસારની ૪૧ ગાથા છે. શુદ્ધભાવ અધિકારની ગાથા લીધી છે. પછી આ પદ લીધું છે જે આગળ પોતે દોહરાવી ગયા છે.

**'ગુણ અનંતકે રસ સબૈ, અનુભૌ રસકે માહિં;**
**યાતૈં અનુભૌ સારિખૌ, ઔર દૂસરો નાહિં.'**

એક સ્વાનુભવમાં અનંતગુણનો રસ છે. એ અનુભવ સરખો કોઈ રસ નથી. પરિણામની અંદર અનુભવરસ જેવો કોઈ રસ નથી. બીજો કોઈ રસ નથી. અનંતગુણનો રસ આવતો હોવાથી એને લઈને અનુભવ જેવો કોઈ રસ નથી. અનુભવનો રસ એ અનુભવનો રસ છે. જે શબ્દાતિત છે, વચનાતિત છે, વિકલ્પાતિત છે, મનાતિત છે, અચિંત્ય છે, ખરેખર તો એ અચિંત્ય છે.

**'પૃથક-પૃથક પત્રોંકી પહુંચ સંભવ નહીં,...'** શું (કહે છે) ? જુદાં જુદાં તમારા ઘણા ભાઈઓના પત્રો મળ્યા છે - એમ (કહ્યું) ને ! કે અમુક-અમુક સ્થાનોથી ભાઈઓએ પત્ર લખ્યા છે, (એ) બધાંને જુદી-જુદી પહોંચ લખવાનો સંભવ નથી. એટલે બધી પ્રવૃત્તિમાં પોતે ઉતરવા માટે તૈયાર નહોતાં. **'અતઃ સહજ મિલનેપર આપ ઉન ભાઈયોંકા મેરા યથાયોગ્ય સ્નેહ બોલે દેવેં...'** જેથી સહજ તમારે મળવાનું થાય ત્યારે સહેજે-સહેજે મારી યાદી આપી દેજો, કે બધાંને સ્નેહ-સ્મરણ કહેવડાવ્યા છે.

**'સર્વ ભાઈઓંકે નિત્ય આનંદકા નિરીચ્છકપને ઇચ્છુક.'** બધાં ભાઈઓને નિત્ય આનંદથી પ્રાપ્તિ થાય એવી નિરિચ્છકભાવે ઇચ્છા છે. ઇચ્છા પણ નિરિચ્છકભાવે છે ! જુઓ ! કેવો શબ્દ લીધો છે ! ઇચ્છા છે પણ વીતરાગભાવે રહેલી ઇચ્છા છે, કોઈ રાગભાવે એવી ઇચ્છા નથી. **'માત્ર મોક્ષ અભિલાષી, નિહાલચંદ્ર સોગાની.'**

મુમુક્ષુ :- આ પત્ર એવો છે જાણે અંતિમ સંદેશ આપ્યો હોય !

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવો છે.

પહેલા પેરાગ્રાફમાં તો પત્રની પહોંચ લખી છે. બીજા પેરાગ્રાફમાં એ (લખાયેલા) પત્રોમાં ગુરુદેવશ્રીએ એમને યાદ કર્યા, (એમની) પ્રશંસા કરી એના ઉપરથી પોતાની મુક્ત દશા નજીક છે એ ગુરુદેવની કૃપાદૃષ્ટિનો

સંકેત છે ! ગુરુદેવની કૃપાદષ્ટિનો સંકેત એવો છે કે હવે મારી મુક્તિ નજીક છે, મારી મુક્તિ બહુ દૂર નથી ! અને આપણને ઘણો જ્ઞાનનો ભંડાર આપ્યો છે. માટે એ જ્ઞાનભંડારને બધાંય ભોગવો ! પોતે ભાવના વ્યક્ત કરી છે કે બધાં મુમુક્ષુઓ પણ ગુરુદેવશ્રીએ જે કાંઈ જ્ઞાનભંડાર અપાવ્યો છે એને ભોગવે ! બધાં પામે ! એ તો સીધી વાત છે. જીવ તો બધાં સરખા છે. કોઈ ઓછો - વધારે છે, એમ તો છે નહીં (તો) શા માટે બધાં ન પામે ? (એટલે કહે છે) બધાંય પામો !

આવો જ્ઞાનભંડાર ખુલ્લો મૂકી દીધો, કોઈ ગમે તેટલું અંદરથી લે અને લૂંટે, (માત્ર) લે (એટલું) નહીં પણ લૂંટે તોપણ એમાંથી કાંઈ ફેર એવું નથી. એટલો ને એટલો ભરેલો રહે. આવો તીર્થંકરયોગ પ્રાપ્ત થયો છે તો બધાં મુમુક્ષુઓ એ જ્ઞાન ભંડારને ભોગવતાં ભોગવતાં અમર થઈ જાય. એવી ભાવના ભાવી છે.

મુમુક્ષુ :- સજ્જન પુત્રની જવાબદારી વધી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વાભાવિક જ છે. ગુરુદેવ જેવા મહાપુરુષનો યોગ થયો તો એને ઉચિત ફેરફાર તો સામાન્ય જીવોના જીવન કરતાં તો થવો જ ઘટે છે.

મુમુક્ષુ :- પોતાના અંતર પરિણતિની વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો લખે છે કે, પોતાની મુક્તિ નજીક છે એવું મને લાગે છે. **'ઇસ બાતકા દ્યોતક હૈ...'** એટલે મને એમ લાગે છે કે મારી મુક્તિ હવે નજીક છે. એ તો જેને જે અંદરમાં લાગતું હોય એ જ વાત ગમે તે બહાને બહાર આવવાની છે. સીધી વાત છે.

---

# પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીના ૧૦૧ મી જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરી સોનગઢમાં ધાર્મિક કાર્યક્રમ

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણના પાત્ર એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીની આગામી ૧૦૧ મી જન્મજયંતિ તેઓશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા.૩૦-૪-૨૦૧૨ થી તા.૨-૫-૨૦૧૨ સુધી ત્રણ દિવસના ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ સોનગઢ સ્થિત 'ગુરુ-ગૌરવ' હૉલમાં ઉજવવામાં આવશે.

આ પ્રસંગે સવારમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા (આશ્રમમાં), જિનદર્શન તથા પૂજન જિનમંદિરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન સ્વાધ્યાય મંદિરમાં, ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ' ઉપરના પ્રવચન 'ગુરુ-ગૌરવ' હૉલમાં, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત ઉજવવામાં આવશે.

તા.૨-૫-૨૦૧૨, પૂજ્ય સોગાનીજીના જન્મજયંતિ દિને પૂજ્ય ભાઈશ્રીના પ્રવચન બાદ જન્મવધામણા તથા ભક્તિ કરવામાં આવશે.

આ પ્રસંગમાં ભારતવર્ષીય સર્વ મુમુક્ષુ-ભાઈબહેનોને પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે. આવનાર મુમુક્ષુઓ સંખ્યા સહિત પોતાની આવવાની વિગત સંસ્થાના કાર્યાલયમાં જણાવે તેવી વિનંતી.

**સંપર્ક : શ્રી સત્‌સુખ પ્રભાવક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧**

**આયોજક : શ્રી સત્‌સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવનગર**

તો સ્વાનુભૂતિ પ્રગટ થાય છે.

ઊંચામાં ઊંચો શુભભાવ પણ વિભાવ છે, પોતાનું સ્વરૂપ નથી. તેથી તેનાથી પોતાને જુદો પાડે છે. પછી તે જાણે છે કે પર્યાય તે અંશ છે ને ગુણ છે તે પણ એક–એક ભેદરૂપે છે–તેમ જાણી લે છે, અને અખંડ સામાન્ય ચૈતન્ય ઉપર દૃષ્ટિ દે છે, જેથી વિશેષ પર્યાયો પ્રગટ થાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે. – સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ–બધા ગુણોના અંશો પ્રગટ થાય છે. ચૈતન્યમાં વિશેષ લીનતા થવાથી મુનિદશા આવે છે અને અંતર્મુહૂર્તે-અંતર્મુહૂર્તે નિર્વિકલ્પદશા થાય છે–સ્વરૂપમાં વારંવાર જામી જાય છે અને તેમાંથી જ પૂર્ણ વીતરાગદશા પ્રગટ થાય છે

**(સ્વાનુભૂતિદર્શન-૨૬૭)**

❖

પ્રશ્ન :– અમે જ્ઞાનથી જુદું પાડતાં હતાં, એવી ભૂલ અમારી થતી હતી તો શું જ્ઞાનથી જુદો જ્ઞાયક એમ નહિ લેવાનું ?

સમાધાન :– હું અધૂરા જ્ઞાન જેટલો નથી, પૂર્ણ શાશ્વત છું. મતિ-શ્રુતિ-અવધિ-મનઃપર્યયજ્ઞાન તે બધા ક્ષયોપશમ જ્ઞાનના ભેદ છે, તે મારો પૂર્ણ સ્વભાવ નથી. પૂર્ણ સ્વભાવને ગ્રહણ કરવો, અધૂરાને નહિ. રાગ અને નિમિત્તના કારણે જે પર્યાયો થાય છે તેને ગ્રહણ નહિ કરતાં જે પૂર્ણ સ્વરૂપ છે તેને ગ્રહણ કરવું જોઈએ. આ બધી અધૂરી પર્યાયો છે તેનું જ્ઞાન કરવું. તે ચૈતન્યની સાધનામાં પ્રગટતી પર્યાય છે. તેનાથી ભેદજ્ઞાન કરવાનું નથી.

**(સ્વાનુભૂતિદર્શન-૨૬૮)**

❖

પ્રશ્ન :– દ્રવ્યની કોટિ ઊંચી છે અને પર્યાયની કોટિ નાની છે તે પ્રમાણની અપેક્ષાએ કહેવાય છે કે નયની અપેક્ષાએ ?

સમાધાન :– તે નય અપેક્ષાએ બરાબર છે. દ્રવ્યની કોટિ ઊંચી જ છે. દ્રવ્ય શાશ્વત, અનાદિ-અનંત છે, દ્રવ્યમાં અનંતગુણ ભર્યા છે. અને અનંત શુદ્ધ પર્યાયો પ્રગટ કરવાની શક્તિ પણ એમાં છે. માટે દ્રવ્યની કોટિ ઊંચી છે. પર્યાય ક્ષણે ક્ષણે પલટે છે. માટે પર્યાયની કોટિ તે અપેક્ષાએ નાની છે.

પર્યાયનું વેદન થાય છે, દ્રવ્યનું વેદન નથી. દ્રવ્ય દૃષ્ટિમાં આવે છે અને પર્યાય વેદનમાં આવે છે તથા પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે, તે અપેક્ષાએ પર્યાય પૂજનિક અને વંદનીય કહેવાય છે.

દ્રવ્યની કોટિ ઊંચી છે, કેમકે દ્રવ્ય અનંત શક્તિઓથી ભરેલું છે, દ્રવ્યની દૃષ્ટિ કરવાથી મુક્તિનો માર્ગ શરૂ થાય છે, દ્રવ્યદૃષ્ટિ વગર મુક્તિનો માર્ગ શરૂ થતો નથી, તે અપેક્ષાએ દ્રવ્યની કોટિ ઊંચી છે.

પર્યાય પ્રગટ વેદનમાં આવે અને પર્યાય પ્રગટ થાય – ત્યારે જેવું દ્રવ્ય હોય તેવું પોતાને વેદનમાં આવે છે. માટે કોઈ વાર પર્યાયની મુખ્યતાથી કહેવાય, પણ વસ્તુસ્થિતિએ દ્રવ્યની કોટિ ઊંચી છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૬૯)**

❖


## આવેદન પત્ર

(પૂજ્ય સોગાનીજીની ૧૦૧ મી જન્મ-જયંતીમાં આવવા માટેની વિગત)

નામ : .................................................. ગામનું નામ : ..............................

પહોંચવાની તા. : .............................. મોટા : .............................. નાના : ..............................

નીચેના સરનામા ઉપર સાફ અક્ષરોમાં વિગત ભરી મોકલવા વિનંતી.

**સંપર્ક : શ્રી સત્‌સુખ પ્રભાવક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



પ્રશ્ન :– પાત્ર શિષ્ય સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે કેવું ચિંતવન-મનન કરે કે જેથી તેને શીઘ્ર પ્રયોજનની સિદ્ધિ થાય ?

સમાધાન :– નિરંતર તેને જ્ઞાયકનું ચિંતવન હોવું જોઈએ. મારે તો જ્ઞાયક જ જોઈએ, બીજું કાંઈ ન જોઈએ. બધા શુભાશુભ-વિભાવભાવ છે તેમાં શાંતિ લાગતી નથી. મારો જ્ઞાયકભાવ તે સુખરૂપ અને આનંદરૂપ છે. - આમ જ્ઞાયકનું ચિંતવન–મનન હોય અને તેના માટે વારંવાર તેનો જ અભ્યાસ, તેવી જાતના શ્રુતનું ચિંતવન કરે. દ્રવ્ય-ગુણ-પર્યાયો શું ? નિમિત્ત-ઉપાદાન શું ? એમ પ્રયોજનભૂત તત્ત્વના વિચારો અનેક પ્રકારે કરે. હું જ્ઞાયક છું, પર પદાર્થોનો હું કર્તા નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે.–આમ બધું ચિંતવન જ્ઞાયકની સિદ્ધિ માટે કરે.

મારો જ્ઞાયક જ્ઞાયકરૂપે કેમ પરિણમી જાય તેવી ભાવના નિરંતર હોય. ચિંતવન–મનન વારંવાર તેનું જ હોય છે. ક્ષણે ક્ષણે જ્ઞાયકનું ચિંતવન-મનન રહે એવો તેનો પ્રયત્ન હોય છે, તેમાં તે થાકતો નથી પણ પ્રયત્ન ચાલુ જ રાખે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૬૬)**

પ્રશ્ન :– એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ભિન્નતા ગુરુદેવ અને આપના પ્રતાપે મુમુક્ષુને થોડી થોડી ખ્યાલમાં આવી. પણ દ્રવ્ય-ગુણ-પર્યાયની કેવી રીતે ભિન્નતા કરીને અનુભવ કરવો તે વિષયમાં અમને માર્ગદર્શન આપો.

સમાધાન :– એક દ્રવ્યથી બીજું દ્રવ્ય અત્યંત જુદું છે, તેમને પ્રદેશભેદ છે. અને વિભાવ તે પોતાનો સ્વભાવ નથી. માટે શાસ્ત્રમાં ભેદજ્ઞાન કરવાનું આવે છે કે વિભાવથી વિભક્ત થા પણ ગુણ-પર્યાયથી ભેદજ્ઞાન કરવાનું નથી આવતું. આત્માના ગુણ-પર્યાયનાં લક્ષણો ઓળખીને, તેમનું જ્ઞાન કરીને, તેના ભેદમાં ન રોકાતાં એક અખંડ ચૈતન્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી તેમાં જે અનંત ગુણ છે તેની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. ગુણ-પર્યાયથી ભેદજ્ઞાન કરવાનું રહેતું નથી, પણ તેનું જ્ઞાન કરવાનું રહે છે.

આત્મા અનંત ગુણથી ગૂંથાયેલું, અભેદ તત્ત્વ છે. તેમાં અનંતા ગુણો કેવી જાતના છે, જ્ઞાનનું જાણપણું લક્ષણ, આનંદનું નિરાકુળતા લક્ષણ, ચારિત્રનું સ્થિરતા લક્ષણ. જ્ઞાન જાણવાનું કાર્ય કરે, આનંદ આનંદનું કાર્ય કરે. એ રીતે ગુણો તેના કાર્ય અને લક્ષણ ઉપરથી ઓળખી શકાય છે. તેને ઓળખીને ગુણભેદમાં રોકાવું તે રાગમિશ્રિત વિકલ્પ છે. તે વચ્ચે આવ્યા વગર રહે નહિ, પણ એક અખંડ ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરીને ત્યાં સ્થિર થાય તો તેને સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. વિકલ્પ તોડીને હું નિર્વિકલ્પ તત્ત્વ છું, એમ સામાન્ય અસ્તિત્વ ઉપર નિઃશંક દૃષ્ટિ કરી તેમાં સ્થિરતા-લીનતા-આચરણ કરે તો સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. બે દ્રવ્યો જુદાં છે તે તો દેખાય છે, છતાં પણ ભેદજ્ઞાન તો પરથી ને વિભાવથી કરવાનું રહે છે ને ગુણ-પર્યાયનું જ્ઞાન કરવાનું છે. આત્મા અનંત-અનંત શક્તિઓથી ભરેલો છે. અનંતા દ્રવ્યો તેની નિકટમાં છે. તો પણ પોતાનું અસ્તિત્વ જાળવી રાખે છે. તેના અનંતા ગુણો-ધર્મો છે તે બધાનું જ્ઞાન કરવા માટે તેનાં લક્ષણો અને કાર્યો ઓળખવાં. પછી તેના ભેદવિકલ્પમાં રોકાવાનું નથી. ગુણો તો પોતાનું સ્વરૂપ છે, તે પોતાથી જુદા નથી. માટે તેનું જ્ઞાન કરીને ગુણ-ભેદોમાં કે પર્યાયભેદમાં નહિ રોકાતાં ચૈતન્ય ઉપર દૃષ્ટિ મૂકવી. તેણે જાણવું કે આ ગુણ છે, આ પર્યાય છે. પણ વિકલ્પમાં રોકાવાનું કાંઈ પ્રયોજન નથી, જાણવાનું પ્રયોજન છે. પછી પોતે પોતામાં સ્થિર થાય

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૨૦ ઉપર)**

આત્મયોગી, મુમુક્ષુજીવોના પરમ તારણહાર સૌમ્યમૂર્તિ
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના વાર્ષિક સમાધિદિને ભાવભીના
શ્રદ્ધાસુમન સહિત કોટિ કોટિ પ્રણામ.



હે કરુણાસિંધુ ! આ નિકૃષ્ટકાળમાં સ્વાનુભૂતિમય મોક્ષમાર્ગપર્યંત પહોંચવા માટેનો આત્મ ઉન્નતિનો પ્રશસ્ત ક્રમ નિષ્કારણ કરુણતાશીલતાથી પ્રકાશી અમારા પથપ્રકાશક બની નિર્ભ્રાંતદર્શનની કેડી બતાવી અપૂર્વ અને અનુપમ ઉપકાર કર્યો છે. તેને વાણી દ્વારા વ્યક્ત કરવો અશક્ય અને અસંભવ છે. છતાં આપના ઉપકાર સ્મૃતિદિને આપના ઉપકારોને હૃદયગત કરી આત્મહિતને સાધીએ એ જ ભાવના.

મન-વચન-કાય યોગે જાણતા-અજાણતા જે કાંઈ વિરાધના, અશાતના, અપરાધ થયા છે તે સૌની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ.

આપ પરમકૃપાળુ પરમદયાળના ચરણોમાં શુદ્ધચિત્તથી
નમસ્કાર હો, નમસ્કાર હો.

*– સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર*